સુવિચાર
આ શરીર છૂટી ગયા પછી જે ભેગુ આવે તે આપણું બાકી બધુ તો તાપણુ...!!
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૭/૦૮/૨૦૨૫, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ શ્રાવણ સુદ-૧૩ વર્ષ : ૧૬ અંક : ૨૦૩

SINCE 1999
હરિૐ
PENDAWALA
શ્રાવણ માસ નિમિતે
સાબુદાણા સ્ટીક
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099

## પૂર્વ કેબિનેટ મંત્રી દિલીપ સંઘાણી, પરશોતમભાઈ રૂપાલા સહિતનાં દિગ્ગજો દ્વારા

# અમરેલીની ''અમર ડેરી''ની ચૂંટણીમાં ઉમેદવારી રજૂ કરવામાં આવી

**વર્તમાન ચેરમેન અશ્વિન સાવલિયા, વાઈસ ચેરમેન મુકેશ સંઘાણીએ પણ ઉમેદવારીપત્રક રજૂ કર્યુ**

**અમરેલી જિલ્લામાં શ્વેતક્રાંતિ કરનાર 'અમર ડેરી' દ્વારા હજારો પશુપાલકોને મળે છે રોજગારી**

**'અમરેલી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ' દ્વારા થાય છે 'અમર ડેરી'નું સંચાલન**

**જો કે લગભગ ઉમેદવારીપત્રક રજૂ કરનાર તમામ અગ્રણીઓ બિનહરિફ વિજેતા થશે તેવું અનુમાન**



અમરેલી, તા. ૬

અમરેલી જિલ્લાનું આર્થિક પછાતપણું દૂર કરવાના ધ્યેય સાથે પૂર્વ કેબીનેટ મંત્રી–સહકારી અગ્રણી દિલીપ સંઘાણીના પ્રયાસથી ''અમરેલી જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ'' 'અમર ડેરી' ની સ્થાપના કરવામા આવી અને દુધ એકત્રીકરણ કરવાનુ શરૂ થયેલ. લોકોને પુરક રોજગારી મળે, પશુપાલન પવૃતિનો વિકાસ થાય અને યુવાનોને આજીવીકા આપવાની તિવ્ર ઈચ્છાશકિત સાથે ડેરી નિર્માણ કાર્ય શરૂ કરવામાં આવ્યું જેને પરિણામે આજે અમરેલી જીલ્લો શ્વેત ક્રાંતિમાં મોખરાનુ સ્થાન મેળવીને અસંખ્ય દુધ મંડળીઓ ધરાવતો પરિવાર બન્યો છે.


અમરેલી જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘની વ્યવસ્થાપક કમીટીની મૂદત પૂર્ણ થતા ચૂંટણી જાહેર થયેલ હોઈ, તે અંતર્ગત આજે દિલીપ સંઘાણીએ ઉમેદવારી પત્ર રજુ કરેલ જેમા દરખાસ્ત કલ્પેશભાઈ ગજેરા અને ટેકો ચંદુભાઈ ગજેરાએ આપેલ. પરશોતમભાઈ રૂપાલાનું ફોર્મ દરખાસ્ત કરનાર દિલીપભાઈ સંઘાણીએ રજુ કરેલ જેને અશ્વિનભાઈ સાવલીયાએ ટેકો આપેલ. તેમજ અશ્વિનભાઈ સાવલીયાના ઉમેદવારી પત્રમાં

અનુસંધાન પાના ૬ ઉપર

## પત્ની નહી પરંતુ, પતિને આડા સબંધ હતા

# પતિએ પોતાના આડા સબંધમાં આડખીલીરૂપ બનેલ પત્નીની હત્યા કર્યાનું બહાર આવ્યું

**પોલીસને અવળે માર્ગ ચડાવનાર પતિનો ભેદ ખુલ્યો**



અમરેલી, તા. ૬

અમરેલીના તાલુકાના વાંકીયા ગામમાં બે મહિના પહેલા એક પરિણીતાના અન્ય પુરૂષ સાથેના આડા સંબંધના કારણે પતિએ જ હત્યા કરી હોવાની કબૂલાત પોલીસને આપી હતી. જોકે, પોલીસને હત્યારા પતિને આ કારણ ગળે ન ઉતરતા અને તપાસ આગળ ધપાવતા પત્નિને નહીં પણ પતિના જ અન્ય એક યુવતી સાથે આડા સંબંધ હોવાનો ખુલાસો થયો છે. આરોપી પતિએ અન્ય વ્યકિતના નામે મોબાઈલ નંબર લઈ યુવતીને આપ્યો હતો અને વાતચીત કરતો હતો. જે બાબતે દંપતી વચ્ચે ઝઘડો થતા હત્યા નિપજાવી હતી. જો કે, પોલીસને પતિના મોબાઈલમાં બે શંકાસ્પદ નંબર મળ્યા બાદ તેની તપાસ કરતા ચોક્કસ કારણ સામે આવ્યું છે.

આ બનાવમાં ગત ૬ જૂને પતિ સંજય મોહનીયા (મધ્યપ્રદેશ)એ પોતાની પત્ની રેખાબેનની હત્યા કરી હોવાની કબૂલાત કરીહતી. જો કે, પોલીસને આ અંગે કોઈ પુરાવા મળ્યા ન હતા.જેથી અમરેલી તાલુકા પી.આઈ. ઓમદેવસિંહ જાડેજાએ ટેકિનકલ સોર્સની મદદથી વધુ તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે રેખાબેન મોબાઈલ રાખતા ન હતા અને પતિ સંજય મોબાઈલનો ઉપયોગ કરતો હતો. પોલીસને સંજયના મોબાઈલમાંથી બે શંકાસ્પદ નંબર મળ્યા હતા તેમાંથી આગળની તપાસમાં ખુલાસો થયો કે સંજયે અમરેલીમાંથી મોબાઈલ ખરીદી એક યુવતીને આપ્યો હતો અને તેની સાથે સંબંધ રાખતો હતો.

આ બનાવમાં અમરેલી ડીવીઝનના ડીવાઈએસપી ચિરાગ

અનુસંધાન પાના ૬ ઉપર

## હોશે હોશે સગાઈ તો થઈ બાદમાં માથાકુટ થઈ પડી

# ધારીનાં પ્રેમપરાનો યુવક અને પીઠવાજાળની યુવતી સગાઈ બાદ પરિવારજનોને કહ્યા વગર જતા રહેતા ડખ્ખો

**યુવતીનાં ભાઈઓએ યુવકનાં માતા–પિતા અને બહેનોને માર માર્યો**

અમરેલી, તા. ૬

ધારી નજીક આવેલ પ્રેમપરા વિસ્તારમાં રહેતી શોભાબેન રમેશભાઈ બજાણીયા મહિલાના દિકરા મયુરભાઈની સગાઈ અમરેલી તાલુકાના પીઠવાજાળ ગામે રહેતા આરોપી સનીભાઈ નનકાભાઈ રાધનપરા તથા નિલેશભાઈ નનકાભાઈ રાધનપરાના બહેન સોનલબેન સાથે નકકી કરેલ હતું. જેથી મહિલા તથા તેણીના પતિ રમેશભાઈ અવાર–નવાર પોતાના દિકરા મયુરભાઈના લગ્ન કરી આપવાનુ સામે વાળાને કહેતા હતા. પરંતુ સામાવાળા લગ્ન કરી આપતા ન હોય, જેથી મયુરભાઈ તથા સોનલબેન કોઈને કહ્યા વગર કયાંક નીકળી ગયેલ હતા.

આ વાતનુ મનદુઃખ રાખી યુવતી સોનલબેનના આરોપી ભાઈઓ મહિલાના રહેણાંક મકાનમાં ઘુસી આવી આ મહિલા તથા તેણીના પતિ રમેશભાઈ બજાણીયાને કયા છે તારો દિકરો ? મારી બહેનને તેની સાથે લઈ ગયેલ છે ? મારી બહેનને પરત આપી દો, નહીતર બધાને મારી નાખવા પડશે તેમ કહી ગાળો બોલવા લાગેલ. જેથી રમેશભાઈ આરોપીઓને સમજાવવા જતા આરોપીએ મહિલાના ફળીયામાં પડેલ લોખંડની મોટી રાપ લઈ રમેશભાઈને મારી નાખવાના ઈરાદે માથાના ભાગે આડેધડ ઘા મારવા લાગેલ હતાં. જેથી રમેશભાઈ મારથી બચવા પોતાનો ડાબો હાથ આડો રાપનો એક ઘા આરોપીએ મારી દિધેલ હતો. તે દરમ્યાન આ મહિલા પોતાના પતિને બચાવવા આડા પડતા આરોપીએ લોખંડની પાઈપથી મહિલાને માથાના ભાગે, મારી નાખવાના ઈરાદે આડેધડ ઘા મારવા લાગેલ હતા. જેથી મહિલાએ આરોપી નિલેશભાઈના હાથમાંથી લોખંડનો પાઈપ ખેચી લેતા આરોપી નિલેશભાઈએ તેની કમરમાંથી છરી કાઢી મહિલાને ડાબા ગાલ ઉપર જોસથી છરીનો ઘા મારી દેતા, મહિલા જમીન ઉપર પડી જતા મહિલાના દિકરીઓ ધર્મીષ્ઠાબેન તથા પાયલબને વચ્ચે પડી મહિલા તથા તેણીના પતિને છોડાવવા જતા બન્ને આરોપીઓએ મહિલાની દીકરીઓને મુંઢ માર મારેલ હતો. જે દરમ્યાન રાડારાડ અને અવાજ થતા બન્ને આરોપીઓ મહિલાના રહેણાંક મકાનથી બહાર નીકળી મહિલાની માલીકીની મોટર સાયકલને નુકસાન કરી, જતા જાનથી મારી નાખવાની ધમકીઓ આપ્યાની મહિલાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

નારી હોસ્પિટલ
ડો. ચિરાગ કુબાવત M.B.D.G.O.
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
naarihospitalamreli@gmail.com
હોસ્પિટલ માટે સ્ટાફ જોઈએ છે
:: રીસેપ્શનિસ્ટ ::
(કમ્પ્યુટર / ધો. ૧૨ પાસ) (લેડીઝ-૨)
પગાર ધોરણ : 5,000 - 7,000
:: કમ્પ્યુટર ઓપરેટર :: (લેડીઝ-૨)
ડેટા એન્ટ્રી, સોફટવેર શીટ એન્ટ્રી, મેડીકલ સ્ટોક મેનેજમેન્ટ, તેમજ ઓનલાઈન પ્રિસ્કીપ્શન રાઈટીંગ માટે અનુભવી
પગાર ધોરણ : 5,000 - 7,000
:: સમય ::
સવારે : ૯ : ૦૦ થી બપોરે ૩ : ૦૦
બપોરે : ૩ : ૦૦ થી રાત્રીના ૧૦ : ૦૦
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું ફોન કરવો નહીં

ક્રિષ્ના ડાઈનીંગ હોલ
Krishna DINING HALL
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી.
(૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૦૨

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
90,700/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૦૬/૦૮/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
શ્યામ કેટરર્સ
The King of catering service
સ્પે. ગુજરાતી થાળી
અરજણભાઈ પટેલ
મો.૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ
મો.૯૬૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફુટ ચુરમાનાં લાડુ
અને શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે. બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીગ હોલ
એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
Mo.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી - ૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

# અમરેલીનાં જાળીયા ગામનાં ખેડૂત માટે આયુષ્યમાન કાર્ડ આશીર્વાદરૂપ બન્યું

# એક ખેડૂતની એન્જિયોગ્રાફી અને એન્જિયોપ્લાસ્ટિ સર્જરી મફતમાં થઇ

**ખેડૂત સુરેશભાઇ સોલંકીની હૃદયની બે નળીમાં બ્લોકેજ હોવાનું નિદાન થયું હતું**

**અમરેલીની ખાનગી હોસ્પિટલનાં તબીબોએ આયુષ્યમાન કાર્ડનાં આધારે મફતમાં સર્જરી કરી**

**રૂપિયા અઢી લાખમાં થતી સારવાર વિનામૂલ્યે થતાં પરિવારજનોમાં હાશકારો**

**જિલ્લાનાં આરોગ્ય વિભાગ દ્વારા આયુષ્યમાન કાર્ડ ધારકની હંમેશા દેખરેખ રાખવામાં આવી રહી છે**



આલેખનઃ રોહિત ઉસદડ
તસવીર : મધુસુદન ધડુક

અમરેલી, તા. ૬

અમરેલીના જાળીયા ગામના કૃષિકર્મી સુરેશભાઇ સોલંકી માટે તા. ૩ ઓગષ્ટની સવાર થોડી ભારે હતી! તેમને છાતીમાં હળવો હળવો દુઃખાવો ઉપડે છે, જે વધતો જાય છે, થોડી ગભરામણ થવા લાગે અને ચક્કર પણ આવે છે. તબીબી તપાસ કરી તો હાર્ટ એટેક હોવાનું માલુમ થયું. પરિવારજનોને ચિંતાઓ ઘેરી વળે છે. પરંતુ એક રાહત પણ હતી કે તેમની પાસે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળનું આયુષ્માન કાર્ડ હતું.

પરિણામે ૪૫ વર્ષીય સુરેશભાઈને અદ્યતન સારવાર મળે છે, મેડિકલ પ્રોટોકોલ મુજબ તેમની એન્જિયોગ્રાફી અને બાદમાં એન્જિયોપ્લાસ્ટિ કરવામાં આવે છે. આજે એન્જિયોપ્લાસ્ટિના ત્રણ દિવસ બાદ એક તેમની તબિયત એકદમ સ્થિર અને સુધારા પર છે.

આ વિકટ સ્થિતિમાં સુરેશભાઈના પરિવાર અને તેમના સ્નેહીજનો થોડી નિરાંત એટલા માટે અનુભવતા કે, આયુષ્માન કાર્ડ હોવાથી અદ્યતન અને સુવિધાસભર ખાનગી હોસ્પિટલમાં સારવાર તો મળી પણ તબીબી ખર્ચની કોઈ ચિંતા ન હતી.

સુરેશભાઈની સારવારની વિગતે વાત કરતા અમરેલી ખાતેની ખાનગી હોસ્પિટલના ડો. નિસર્ગ પટેલ કહે છે કે, હોસ્પિટલમાં દાખલ થતાં લક્ષણોના આધારે ઈસીજી, ટ્રોપોમીન વગેરે ટેસ્ટ કરવામાં આવ્યા હતા, તેના આધારે રક્તવાહિનીઓમાં બ્લોકેજ હોવાનો પ્રાથમિક ખ્યાલ આવ્યો.

તેમણે કહ્યુ કે, અહીંની હોસ્પિટલના કાર્ડિયોલોજિસ્ટ ડો. શોભા નંદ ઝા એ આ બ્લોકેજનો સચોટ ખ્યાલ મેળવવા માટે એન્જિયોગ્રાફી કરવાનું નક્કી કર્યું. આ તપાસમાં બે રક્તવાહિનીઓમાં બ્લોકેજ હોવાથી સામે આવ્યું, આથી સફળતાપૂર્વક એન્જિયોપ્લાસ્ટિ કરવામાં આવી.

ડો. નિસર્ગ પટેલ કહે છે કે, આ પ્રકારની સારવાર અઢી કલાખ રૂપિયાનો ખર્ચ થઈ જતો હોય છે. પણ પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ લોકોને રૂા. ૧૦ લાખની મર્યાદામાં સારવાર મળે છે. જે સામાન્ય પરિવારો માટે તો આશીર્વાદરૂપ નીવડે છે.

સુરેશભાઈ સોલંકી સ્વસ્થપણે કહે છે કે, આયુષ્માન કાર્ડ હોવાથી સારી અને સંતોષકારક સારવાર મળી છે.

ઉલ્લેખનીય છે કે, હાર્ટ એટેકના કિસ્સામાં રક્તવાહિનીઓના ક્ષતિગ્રસ્ત ભાગ કે રક્ત પરિભ્રમણમાં અવરોધિત જગ્યા શોધવા માટે એન્જિયોગ્રાફી કરવામાં આવે છે. આ એક ડાયગ્નોસ્ટિક પ્રક્રિયા છે.

જેમાં દર્દીના હાથ કે સાંથળના ભાગની નસમાં સોઈની મદદથી એક ફ્લેક્સિબલ વાયર નાખવામાં આવે છે. આ વાયરમાં ડાય નાખવામાં આવે છે. જેથી બ્લોકેજને આસાનીથી જોઈ શકાય છે. આ માટે અત્યાધુનિક એક્સ–રે ઈમેજિંગનો ઉપયોગ કરવામાં આવે છે.

આમ, હૃદયમાં રક્તવાહિનીઓમાં બ્લોકેજની તપાસની આધારે તુરંત એન્જિયોપ્લાસ્ટિ સર્જરી કરવાનો નિર્ણય લેવામાં આવે છે અને એન્જિયોગ્રાફી માટે નસમાં નાખવામાં આવેલા તાર દ્વારા જ બ્લોકેજ સુધી એક સ્ટેન્ટ (સ્પ્રિંગ) અને બલૂન પહોંચાડવામાં આવે છે અને જે લોકેજનો ભાગ છે ત્યાં બલૂનને તબીબી પ્રક્રિયા મુજબ ફૂલવવામાં આવે છે. જેથી બ્લોકેજ દૂર થાય છે અને ફરી બ્લોકેજ ન થાય એ માટે સ્ટેન્ટ–સ્પ્રિંગ રાખી મૂકવામાં આવે છે.

આ સમગ્ર પ્રક્રિયા નિષ્ણાંત તબીબો કથ લેબ (એન્જિયોગ્રાફી અને એન્જિયોપ્લાસ્ટિ માટે વિશેષરૂપથી સુજ્જિત કક્ષ)માં એક્સ રે ઈમેજિંગની મદદથી કરે છે. આમ હૃદયસુધી રક્ત પ્રવાહ પૂર્વવત બને છે. સુરેશભાઈ સોલંકીના કેસમાં પણ આ જ રીતે સારવાર–સર્જરી કરવામાં આવી છે.

અમરેલી જિલ્લા આરોગ્યતંત્ર જરૂરિયાતમંદ અને આયુષ્માન કાર્ડ ધારકોને ખાનગી હોસ્પિટલમાં યોગ્ય સારવાર મળે તે માટે જરૂરી દેખરેખ રાખવામાં આવે છે અને પાત્રતા ધરાવનાર એક પણ વ્યક્તિ આયુષ્માન કાર્ડ વગર ન રહે તે માટે પ્રતિબદ્ધતા સતત પરિશ્રમ ઉઠાવે છે.

---

### નાયબ દંડક વેકરિયા અને ભાજપ પ્રમુખ કાનાણીની રજુઆત સફળ

## વરસાદી ઘટવાળા વિસ્તારમાં ૧૦ કલાક વીજળી આપવાનો થયો નિર્ણય

**ડેમ અને તળાવમાં નર્મદાનાં નીર ઠલવાશે**







અમરેલી, તા. ૬

આકાશી ખેતી ઉપર આધારિત અમરેલી જીલ્લામાં મોટાભાગે ચોમાસું વાવેતર મુખ્ય છે અને અમરેલી જીલ્લામાં વાવણી બાદ ઘણાં સમયથી વરસાદ વરસ્યો ન હતો. તેથી પાકને વ્યાપક પ્રમાણમાં નુકસાન થવાની શકયતા હોય, અમરેલી જીલ્લા ભાજપના પ્રમુખ અતુલભાઈ કાનાણી તેમજ અમરેલીનાં ધારાસભ્ય અને વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયાએ ગતરોજ અમરેલી જીલ્લામાં વરસાદની ખેંચ હોવાથી પિયતનું પાણી મળી રહે તે હેતુથી ખેડૂતોને ૮ કલાક મળતી વીજળીને ૧૦ કલાક કરી આપવા તેમજ સૌની યોજનાનાં માધ્યમથી જીલ્લાનાં જળાશયો ભરવા માટે ગાંધીનગર ખાતે પ્રભારી મંત્રી પરશોતમભાઈ સોલંકી, ઉર્જા મંત્રી કનુભાઈ દેસાઈ, પાણી પુરવઠા મંત્રી કુવરજીભાઈ બાવળિયા તેમજ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને ભારપૂર્વક રૂબરૂ રજૂઆત કરી હતી અને સરકારનાં મંત્રીઓએ આ વિષયે ઘટતું કરવા ખાતરી આપી હતી.

આજ રોજ રાજયની કેબિનેટ બેઠકમાં આ રજૂઆત અંતર્ગત ચર્ચા કરી ખેડૂતોના હિતમાં મહત્વનાં નિર્ણયો લેવામાં આવ્યાં હતાં. જેમાં વરસાદની ઘટવાળા વિસ્તારમાં ૧૦ કલાક વીજળી આપવામાં આવશે તેમજ જરૂર છે તેવાં વિસ્તારમાં નર્મદાનું પાણી આપી ડેમ–તળાવો ભરવા સૂચના આપવામાં આવી છે. સાથે ખાતરની તંગી, વીજળીની માંગ તથા સિંચાઈ મુદ્દે પણ કેબિનેટમાં ચર્ચા કરવામાં આવી હતી.

---

### રમત ગમત સ્પર્ધા અંતર્ગત

## બગસરા ખાતે જિલ્લા કક્ષાની વોલીબોલ સ્પર્ધાનું આયોજન



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૬

૬૯ એસજીએફઆઈ રમત ગમત સ્પર્ધા અંતર્ગત અમરેલી જિલ્લાની વોલીબો સ્પર્ધાનું આયોજન મેઘાણી હાઈસ્કુલ બગસરા ખાતે કરવામાં આવ્યું હતુ. જેના અંતર્ગત અલગ અલગ વયજુથની બહેનોની ૧૨ ટીમોએ આ સ્પર્ધામાં ભાગ લીધેલ. આ કાર્યક્રમમાં નગરપાલિકા પ્રમુખના પ્રતિનિધિ એ.વી રીબડીયા તેમજ અન્ય મહાનુભાવોએ હાજરી આપી હતી. કાર્યક્રમમાં હાજર બાળકોને પ્રોત્સાહીત કર્યા હતા. સ્પર્ધા સુંદર રીતે યોજાય તે માટે મેઘાણી હાઈસ્કુલના આચાર્ય જેઠવાએ સુંદર વ્યવસ્થા કરેલ આ સ્પર્ધામાં દિવ્યેશભાઈ દુધરેજીયા, દિગુભા મોરી, યતીન નકુમ, મનીષ કુકવાવા, રાજુભાઈ ભુવા, ટીનાબેન ઠુંમ્મર, અક્ષિતાબેન રાદડીયા, કૌશિક નસીત, કિરણભાઈ સાંખલા તેમજ અન્ય શિક્ષકોએ નિર્ણાયકોની ભુમિકા ભિાવેલ તેવુ શાળાના રમત ગમતના કન્વીનર શિક્ષક મનોજભાઈ મહીડાએ જણાવેલ.

---

### અજાણ્યા તસ્કરોનું કારસ્તાન

## જાફરાબાદનાં મીઠાપુર ગામે આવેલ રહેણાંક મકાન અને કેબિનમાંથી ચોરી

**રૂપિયા ૧૦ હજારનાં મુદ્દામાલની ઉઠાંતરી**

અમરેલી, તા. ૬

જાફરાબાદ તાલુકાના મીઠાપુર ગામે રહેતા કરશનભાઈ માલાભાઈ ચૌહાણ નામના ૬૦ વર્ષિય વેપારી કેબીનમાં ગત તા. ૪ના રોજ રાત્રીના ૧૧:૩૦ વાગ્યાથી તા. ૫ના રોજ સવારે ૬ વાગ્યા દરમ્યાન કોઈપણ સમયે કોઈ અજાણ્યા ચોર ઈસમે કેબીનમાં રાખેલ પૈસા રાખવાના ગલ્લામાંથી પરચુરણ નોટો તથા સીક્કા મળી આશરે રૂપિયા ૪૦૦૦ની રોકડ રકમ તેમજ તે જ ગામે રહેતા રમેશભાઈ મનુભાઈ જોગદીયાના રહેણાંક મકાનમાં પ્રવેશ કરી ઘરના રૂમમાં પડેલા પટારામાં રાખેલ રોકડા આશરે રૂપિયા ૬૦૦૦ મળી કુલ રૂપિયા ૧૦,૦૦૦ની ચોરી કરી તેમજ તે જ ગામે રહેતા ધીરૂભાઈ ખોડાભાઈ ચૌહાણ તથા દિલુભાઈ ઓઢાભાઈ વરૂના ઘરે ચોરી કરવાનો નિષ્ફળ પ્રયાસ કર્યા અંગે વૃધ્ધ વેપારીએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

---

### નાગનાથ સોસાયટીમાં હાશકારો

## સાવરકુંડલામાં ક્ષતિગ્રસ્ત વીજપોલને દુર કરીને નવો સિમેન્ટ પોલ લગાવાયો

**ઘણા સમયથી જર્જરિત બનેલ પોલ દુર**



સાવરકુંડલા, તા. ૬

સાવરકુંડલા શહેરમાં આવેલ નાગનાથ સોસાયટી ખાતે વેસ્ટર્ન જીઈબી દ્વારા નવો થાંભલો ઉભો કરવામાં આવેલ.

આમ ગણીએ આજની સૌથી મોટી જરૂરિયાત એ પાવર સેકટર છે. એટલે કે વિદ્યુત ઉત્પાદન અને વિતરણ એ ખૂબ ચેલેન્જીંગ વ્યવસાય છે. આજના સમયમાં માત્ર કલાક બે કલાક વિદ્યુત પુરવઠો ખોરવાઈ કે બંધ કરવામાં આવે એટલે વિદ્યુત આધારિત અનેક કાર્યો ઠપ્પ જેવા થઈ જાય છે. આવી પરિસ્થિતિમાં વીજ કર્મચારીઓ અને વીજ કંપની દ્વારા લોકોને પર્યાપ્ત માત્રામાં વીજ પુરવઠો મળી રહે તે માટે સતત પ્રયત્નશીલ રહે છે. આપણે એકાદ કલાક વિદ્યુત પુરવઠો બંધ રહે એટલે વિદ્યુત ઓફિસ ખાતે ફોન પર ફોન કરીને ક્યારે વિદ્યુત પુરવઠો પુનઃ સ્થાપિત થશે એ પૂછપરછ કરતાં હોઈએ છીએ. અર્થાત આપણે વિદ્યુત પૂરવઠો મળવા માટે સતત ચિંતિત રહીએ છીએ. જો કે વીજ વિતરણનું આ કાર્ય ખરેખર પડકારજનક હોય છે. નવા થાંભલા નાખીને વિદ્યુત વાયરના દોરડા સાથે સતત પાવર સપ્લાય માટે અનેક પ્રકારના કાર્યો કરવા પડે છે. હવે વાત કરીએ સાવરકુંડલા ખાતે આવેલા નાગનાથ સોસાયટીની તો આ સોસાયટીમાં છેલ્લા ઘણા સમયથી એક વિદ્યુત પોલ જર્જરિત હાલતમાં હતો. આ સંદર્ભે સાવરકુંડલા જીઈબી વિભાગ દ્વારા આ ક્ષતિગ્રસ્ત થાંભલાને દૂર કરીને તેના અવેજમાં એક નવો વીજપોલ ઉભો કરવામાં આવ્યો. આ વીજ થાંભલા ઊભા કરાવાની કામગીરી પણ ખૂબ પડકારજનક હોય છે. પ્રસ્તુત તસ્વીરમાં સાવરકુંડલા શહેરમાં નાગનાથ સોસાયટી ખાતે આવેલ આ થાંભલાને બદલે નવો થાંભલો ઉભો કરીને વાયરીંગ કરવામાં આવી રહ્યું છે. આ થાંભલો ઉભો કરવાની ખૂબ જ પડકારજનક કામગીરી સમયે ખૂબ સાવધાની રાખવાની હોય છે. વિદ્યુત બોર્ડ દ્વારા સાવરકુંડલા શહેરના વર્ષો જૂના થાંભલા પરના વાયરીંગને બદલી નવું ઈનસ્યુલેટેડ વાયરીંગ કરવામાં આવી રહ્યું છે.

---

## પાણીયા પ્રાથમિક શાળામાં ટેબલેટ વિતરણ કાર્યક્રમ યોજાયો



અમરેલી, તા. ૬

પાણીયા પ્રાથમિક શાળામાં દીપશાળા પ્રોજેકટ અંતર્ગત ધોરણ ૭ના વિદ્યાર્થીઓને ટેબલેટ વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો. જેથી બાળકો આધુનિક ટેકલોનલોજીથી માહિતગાર થાય અને વિદ્યાર્થીઓને અભ્યાસમાં ઉપયોગી નીવડે તે હેતુથી ટેબલેટ આપવામાં આવ્યા. જે અંતગર્ત CRC CO. હરેશભાઈ કાલેણા, એસ.એમ.સી. ના સભ્યો શાળાના આચાર્ય અને તમામ વાલીઓએ હાજરી આપી કુલ ૧૧ વિદ્યાર્થીઓને ટેબલેટ વિતરણ કરવામાં આવ્યા. કલસ્ટર કો–ઓર્ડીનેટર સત્યજીતભાઈ વાળા દ્વારા તમામ વાલીઓન દીપશાળા અંતર્ગત થતી તમામ પ્રવૃતિઓથી વાલીઓને માહિતગાર કર્યા સાથે ટેબલેટ સંબંધિત ધ્યાનમાં રાખવાની બાબતો વિશે માહિતી આપવામાં આવી. સાથે તમામ વાલીઓને દીપશાળા પ્રોજેકટમાં થતી કામગીરી અને પ્રવૃતિઓ અંગે માહિતી આપી. ભરતભાઈ દેસાઈ અને દીપશાળાની તમામ ટીમ શાળા પરિવાર ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરે છે.

---

## અમરેલી જિલ્લામાં લીલી મગફળીનું આગમન : શ્રાવણમાં માંગ વધતા ઉછાળો



અમરેલી, તા. ૬

અમરેલી જિલ્લાની કૃષિ અર્થવ્યવસ્થામાં મગફળીનું મહત્વનું યોગદાન રહ્યું છે. હાલ શ્રાવણ માસમાં લોકો ઉપવાસ અને આહારની ખાસ પસંદગીઓ તરફ વળે છે, ત્યારે લીલી મગફળીનો આગમન અને વેચાણ પણ તેજી પકડે છે. સાવરકુંડલા સહિત અમરેલી જિલ્લાના વિવિધ શહેરો અને ગામડાઓમાં હાલ લીલી મગફળી બજારમાં જોવા મળી રહી છે અને તેનું વેચાણ પણ જોરશોરથી થઈ રહ્યું છે.

હાલ જાહેર બજારમાં લીલી મગફળીના ભાવ રૂ. ૧૦૦થી ૧૪૦ પ્રતિ કિલોની વચ્ચે બોલાઈ રહ્યા છે. ભાવમાં આ ઉછાળો એ જણાવે છે કે ઉપવાસ અને શ્રાવણ માસના દિવસોમાં આ મગફળીની માંગમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. ખાસ કરીને શ્રાવણ મહિનામાં લોકો શાકાહારી અને સાદા આહારમાં વધુ વ્યસ્ત હોય છે અને મગફળી એવા નટસમાં આવે છે જે સરળતાથી ઉપવાસમાં ખાઈ શકાય છે, પચી શકે છે અને ઊર્જાવર્ધક છે.

સાવરકુંડલા શહેરના મહુવા રોડ પર લીલી તેમજ બાફેલી મગફળી વેચતા રફીકભાઈ કાદરી જણાવે છે કે તેઓ સવારે ૮ વાગ્યાથી સાંજે ૮ વાગ્યા સુધી પોતાનું સ્ટોલ ચલાવે છે અને દરરોજ ૩૦થી ૪૦ કિલો સુધી મગફળીનું વેચાણ કરે છે. તેઓ કહે છે કે, "લોકો મારો મેસેજ મેળવીને દૂર દૂરથી અહીં આવે છે. મગફળીના રસિક ગ્રાહકો શ્રાવણમાં ખાસ બાફેલી મગફળી માગે છે."

રફીકભાઈ મગફળીના ત્રણ પ્રકાર વેચે છે લીલી (કાચી), બાફેલી અને સાદી છોલેલી મગફળી. તેઓ પોતાના સ્ટોલ પર મગફળી બાફી–neatly પેક કરીને વેચે છે જેથી પરિવારો તેને સીધી ખાઈ શકે. નાના બાળકો થી માંડી વૃદ્ધો સુધીના ગ્રાહકો તેમના નિયમિત ખરીદદારો છે. રફીકભાઈના કહેવા મુજબ કેટલાક દિવસોમાં તો સપાટી વધતાં મગફળી માટે લાઈનો લાગી જાય છે.

ખેડૂતો માટે પણ આ એક આશાજનક સમય છે. લીલી મગફળી વેચવાથી તેમને તરત રોકડ આવક મળે છે અને બજારમાં સીધો સંપર્ક બનવાથી દલાલો વગરની સીધી આવકનો લાભ મળે છે. અમરેલી, લાઠી, ધારી અને કાંકોત ગામો તરફથી લીલી મગફળી લઈ વેપારીઓ શહેરોમાં આવી રહ્યા છે. તેમનો ઉદ્દેશ સીધી કાપણી બાદ તરત બજાર સુધી પહોંચાડવાનું છે જેથી ગ્રાહકોને તાજી મગફળી મળી રહે.

જિલ્લામાં વાવણીના ૭૦થી ૮૦ દિવસ બાદ કાપણી થાય છે, તેથી પહેલી લોટ તરીકે આવતા પાકને બજારમાં સારો ભાવ મળતો હોય છે. એક રીતે જોઈએ તો લીલી મગફળીનું વેચાણ એટલે માત્ર એક આર્થિક પ્રવૃત્તિ નહીં પણ શ્રાવણ માસના ભાવનાત્મક અને સાંસ્કૃતિક સમર્પણ સાથે જોડાયેલ છે. ઘરોમાં મહાદેવજીની પૂજામાં કે ઉપવાસના ભોજનમાં મગફળીનો સમાવેશ હવે પરંપરા બની ગઈ છે.

અંતે, અહીંના વેપારીઓ અને ખેડૂત બંને માટે આ ઋતુ લાભદાયી બની રહી છે. મગફળીના ભાવ હજુ થોડા દિવસમાં વધુ વધી શકે છે જો વરસાદની અસરથી પુરવઠો ઘટે. આવું જોતા લોકોની ખરીદીમાં પણ તાતી હોય છે.

લીલી મગફળી હવે માત્ર ખોરાક નહીં રહી તે એક ઋતુની ઓળખ બની ગઈ છે, લોકોની રૂચિ અને આસ્થાનું સ્વાદિષ્ટ પ્રતિબિંબ છે.

## મામુલી વેતન અને અનેક પ્રકારની કામગીરી સોંપાતા નારાજગી

# અમરેલી જિલ્લાની આંગણવાડી વર્કર બહેનોની વેદના

**બી.એલ.ઓ., એફ.આર.એસ. જેવી વધારાની કામગીરીથી મુકિત આપવાની માંગ**

**ઓનલાઈન કામગીરી માટે સક્ષમ અને કાર્યક્ષમ મોબાઈલની સુવિધા આપવા માંગ**

**છેલ્લા ૭ વર્ષથી વેતનમાં વધારો થયો ન હોય તેમાં વધારો કરવા પણ માંગ**

**જો માંગ સ્વીકારવામાં ન આવે તો આગામી દિવસોમાં ઉગ્ર આંદોલનની ચીમકી**








અમરેલી, તા. ૬

અમરેલી જિલ્લાના તમામ તાલુકાઓમાંથી આશરે ૫૦૦ જેટલી આંગણવાડી વર્કર અને હેલ્પર બહેનો કલેકટર કચેરીએ રેલીસ્વરૂપે પહોંચીને વિવિધ પડતર માંગણીઓને લઈને અધિક કલેકટરને આવેદનપત્ર પાઠવ્યું હતું. રજૂઆત દરમિયાન બહેનો દ્વારા ઉગ્ર માંગ કરવામાં આવી કે, બી.એલ.ઓ. (બૂથ લેવલ ઓફિસર) અને એફ.આર.એસ. (ફિલ્ડ રિપોર્ટિંગ સિસ્ટમ) જેવી વધારાની કામગીરીમાંથી છૂટકારો આપવામાં આવે, એફ.આર.એસ. સિસ્ટમ તાત્કાલિક દૂર કરવી, ઓનલાઈન કામગીરી કરવા માટે તમામ બહેનોને સક્ષમ અને કાર્યક્ષમ મોબાઈલ આપવો, ૨૦૧૮થી આજ દિવસ સુધી કોઈ વેતન વધારો ન મળ્યો હોવાથી સરકારના નિયમ મુજબ લઘુત્તમ વેતન આપવામાં આવે., નિવૃત્તિ ઉંમર ૬૦ વર્ષ કરવામાં આવે, આંગણવાડીમાં ખાલી પડેલી જગ્યાઓ પર તાત્કાલિક ભરતી કરવામાં આવે.

બહેનો દ્વારા એવી પણ રજૂઆત કરવામાં આવી કે વધારાની કામગીરીના કારણે તેમને પોતાના મૂળ કાર્ય–બાળકોના પોષણ અને સંભાળમાં અવરોધ ઉભો થાય છે જે કુપોષણ જેવી ગંભીર સમસ્યાઓને જન્મ આપે છે.

જિલ્લા અધ્યક્ષાએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે, 'જો માંગણીઓ સંતોષજનક રીતે નહીં સ્વીકારાય તો આગામી દિવસોમાં ઉગ્ર આંદોલન કરવામાં આવશે.'

આવા સમયે સરકાર દ્વારા યોગ્ય અને સમયસૂચક નિર્ણય લેવામાં આવે એવી આશા સાથે આંગણવાડી વર્કર બહેનો દ્વારા એકજૂટ અને શાંતિપૂર્ણ રજૂઆત કરવામાં આવી હતી.


### અમરેલી પેરોલ ફર્લો સ્કવોર્ડની સફળતા

## જામીન પરથી છેલ્લા એક માસથી ફરાર થયેલ પાકા કામનાં કેદીની અટકાયત

**કેદીને રાજકોટ મધ્યસ્થ જેલને સોંપી દેવાયો**

અમરેલી, તા. ૬

લાઠી તાલુકાના દુધાળા ગામે રહેતા સુરેશભાઈ ઓઘડભાઈ શીંગાળા નામના ૪૦ વર્ષિય હીરાઘસુને પાકા કામના કેદીને લાઠી પોલીસ સ્ટેશનના આઈ.પી.સી. કલમ ૩૬૩,૩૬૬ તથા પોકસો કલમ ૪ મુજબના ગુન્હામાં દસ વર્ષની સજા થયેલ હતી. આ આરોપી રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે પાકા કામના કેદી તરીકે સજા ભોગવતો હતો અને ગુજરાત હાઈકોર્ટ દ્વારા તા. ૧/૭/૨૫થી



તા. ૧૨/૭/૨૫ સુધીના ૧૦ દિવસના વચગાળાના જામીન ઉપર આ કેદી રજા પર મુકત થયેલ અને આ કેદીને તા. ૧૨/૭ના રોજ જેલ ખાતે હાજર થવાનુ હતું. પરંતુ હાજર ન થઈ આ પાકા કામના કેદી ફરાર થયેલ ગયેલ હતો.

અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. વી.એમ. કોલાદરાને મળેલ બાતમીના આધારે સુચના અને માર્ગદર્શન હેઠળ અમરેલી પેરોલ ફર્લો સ્કવોર્ડ ટીમ લાઠી વિસ્તારમાં પેટ્રોલિંગમાં હોય ત્યારે આ પાકા કામના કેદી લાઠી તાલુકાના દુધાળા ગામે વિસ્તારમાં પેરોલ ફરાર કેદીની તપાસમાં જતાં આ રાજકોટ મધ્યસ્થ જેલમાંથી રજા પરથી ફરાર થયેલ પાકા કામના કેદીને તા. ૪ના રોજ લાઠી તાલુકાના દુધાળા ગામેથી હસ્તગત કરી તપાસ પુછપરછ કરી આગળની ઘટતી કાર્યવાહી કરી રાજકોટ મધ્યસ્થ જેલને સોંપેલ તજવીજ કરેલ છે.

## રાજુલાની એસબીઆઈમાંથી રૂપિયા ૧.૫૦ લાખની ચોરી

રાજુલા, તા. ૬

રાજુલામાં આવેલી એસબીઆઈમાં દિવસે બે અજાણ્યા શખ્સો કેશ કાઉન્ટર ઓફિસમાં ઘુસીને રૂપિયા ૧,૫૦,૦૦૦ રોકડ ઉઠાવી ફરાર થઈ ગયા.

તેઓ બેંકની બિઝી ઘડી દરમિયાન (જયાં મેનેજર, કર્મચારીઓ, ગ્રાહકો અને સુરક્ષા ગાર્ડ હાજર હતા) કેશ કાઉન્ટરમાંથી રૂપિયા લૂંટીને નાસી છૂટયા હતા.

કેસ કાઉન્ટરમાં બેસેલા કર્મચારીઓ પણ આ ચોરી અટકાવી શકયા નહીં. બે શખ્સોએ એકબીજાની મદદથી આખી ચોરીને અંજામ આપ્યો.

બેંક મેનેજર પવિત્રા મોઢએ રાજુલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસ અને પી.આઈ. એ.ડી. ચાવડા સમગ્ર ઘટનાની તપાસ કરી રહ્યા છે. પોલીસએ સીસીટીવી ફૂટેજના આધારે તપાસ શરૂ કરી છે અને શંકાસ્પદ લોકોની પૂછપરછ પણ હાથ ધરાઈ રહી છે.

ઘટના બાદ લોકોએ ઉચિત કક્ષાએથી ગંભીર તપાસ કરવાની માગ ઉઠાવી છે.

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241


સંજય ટાયર્સ સંજય ટ્રેડલીંક
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કુલ સામે, અમરેલી
સફારી પાર્ક, લાઠી બાયપાસ રોડ, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.
ટાયર-ટ્યુબ, ઓઈલ-ગ્રીસ, વ્હીલ પ્લેટ -ધરા, જેક-ફીલ્ટર, બેટરી રીટેઈલ તથા હોલસેલ
કોમ્પ્યુટર રાઈઝ એલાઈમેન્ટ, બેલેનસીંગ, ઓટોમેટીક ટાયર ફીટીંગ, નાઈટ્રોજન એર, સર્વિસ ઉપલબ્ધ
YOKOHAMA CEAT JK TYRE MRF apollo EUROGRIP BRIDGESTONE GOODYEAR ALLIANCE MICHELIN Castrol HP TAPARIA BOSCH ASCENSO RUBBER KING JAINSON



ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ | ૧૦, પહેલા માળે, ફિરદબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી | ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

લોકલ ફોર વોકલ || જય પરશુરામ || સુવિધા સાથે વિવિધતા
મહાજન રીયલ એસ્ટેટ



ઉપલબ્ધ સુવિધાઓ
મિલ્કત લે - વેચ
રેડી પઝેશન
2 BHK
લોનેબલ ટાઇટલ ક્લિયર
બ્લોક નં. ૩૪૭, ઓમનગર, ચિત્તલ રોડ, અમરેલી.
નવલ મકવાણા
રેરા એપ્રુવ્ડ રીયલ એસ્ટેટ એજન્ટ
95 86 86 2345
ગ્રાઉન્ડ ફલોર, વ્હાઇટ હાઉસ, એસ.ટી. બસ સ્ટેન્ડ સામે, સ્ટેશન રોડ, અમરેલી - ૩૬૫૬૦૧. (ગુજરાત)




મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 9904649999 સર્વિસ : 9904549999




નવનીત ઓટો સેન્ટર
ગોપી ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
Mo. +91 92899 22254

|| વંદે માતરમ્ ||
YAMAHA Revs Your Heart | જીજ્ઞેશ એજન્સી | YES! YAMAHA




જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

પવિત્ર શ્રાવણ નિમિતે



ટોપરાપાક, શિંગપાક,
સ્પે. માવાના પેંડા, ફરાળી ગુલાબ જાંબુ
ફરાળી ચેવડો ▪ બટેટા વેફર ▪ કેળા વેફર
હાજરમાં મળશે
શિવ ફરસાણ (ધારીવાળા)
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨
મો. ૯૯૦૯૧ ૭૦૯૫૫

શ્રવણ કાન-નાક ગળાની હોસ્પિટલ
ડો. કૃતિકા હિતેશ શાહ
: ઉપલબ્ધ સારવાર :
➤ કાનમાંથી નિકળતી રસી, ફુગ, મેલ માટે નિદાન અને સારવાર
➤ કાનના પડદાના કાણા તથા સડાનું આધુનિક સાધનો દ્વારા ઓપરેશન ➤ કાનની બુઠ્ઠનું ઓપરેશન
➤ એલર્જી, ચકકર, સાયનસનું નિદાન અને સારવાર
➤ સ્વર પેટીનાં મસા, ચાંદી વગેરેનું નિદાન અને સારવાર
➤ એન્ડોસ્કોપિક સર્જરી, માઈક્રો ઈઅર સર્જરી
➤ $CO_2$ લેસર સર્જરી
➤ થાઈરોઈડ, લાળગ્રંથીના ઓપરેશન
સમય : સવારે ૧૦ થી ૧, સાંજે ૫ થી ૭:૩૦
સ્થળ : ભીડભંજન મંદિર પાસે, લીલીયા રોડ, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૪૫૭




પરીખ હોન્ડા | રેલ્વે સ્ટેશનની સામે, સ્ટેશન રોડ, અમરેલી.

### ફી સમિતિ નક્કી કરે પછી ખાનગી સ્કૂલો વધારી ના શકે

# સ્વનિર્ભર શાળાઓની મનમાની સુપ્રીમ કોર્ટ દ્વારા અટકાવાઈ

### સુપ્રીમકોર્ટના આ હુકમને પગલે રાજયના હજારો વિદ્યાર્થીઓ અને વાલીઓને બહુ જ મોટી રાહત મળી

નવી દિલ્હી, તા.૬

સુપ્રીમકોર્ટે એક મહત્ત્વના આદેશ મારફતે સ્પષ્ટ કર્યુ હતું કે, ખાનગી સ્વનિર્ભર શાળાઓ ફી નિર્ધારણ સમિતિ દ્વારા નક્કી કરાયેલ ફી ની રકમ કરતાં વધુ રકમની માંગણી કરી શકશે નહીં. ખાનગી શાળાઓની તરફેણમાં અગાઉ ગુજરાત હાઈકોર્ટે આપેલા ચુકાદાને પડકારતી ફી નિર્ધારણ સમિતિ તરફથી ગુજરાત સરકાર દ્વારા કરાયેલી સ્પેશ્યલ લિવિ પિટિશનમાં સુપ્રીમકોર્ટના ચીફ જસ્ટિસ બી.આર.ગવઈ અને જસ્ટિસ કે. વિનોદચંદ્રની ખંડપીઠે વચગાળાના આદેશ મારફતે ખાનગી સ્વનિર્ભર સ્કૂલોની મનમાની અને ઉઘાડી લૂંટ પર રોક લગાવી દીધી છે. સુપ્રીમકોર્ટના આ હુકમને પગલે રાજયના હજારો વિદ્યાર્થીઓ અને વાલીઓને બહુ જ મોટી રાહત મળી છે. તો, ખાનગી સ્વનિર્ભર શાળાઓને બહુ મોટી લપડાક પડી છે.

સુપ્રીમકોર્ટે એ પણ સ્પષ્ટ ક્રયું હતું કે, વિદ્યાર્થીઓ દ્વારા ચૂકવવામાં આવતી કોઈપણ રકમ અથવા શાળાઓ દ્વારા વસૂલવામાં આવતી કોઈપણ રકમ આ કેસમાં સુપ્રીમકોર્ટના અંતિમ નિર્ણયને આધીન રહેશે. આમ, હવે ખાનગી સ્વનિર્ભર શાળાઓની ઉંચી તગડી ફી વસૂલાતની લૂંટ પર રોક લાગી ગઈ છે. ફી નિર્ધારણ સમિતિ તરફથી કરાયેલી પિટિશનમાં સુપ્રીમકોર્ટે જુદી જુદી ખાનગી સ્વનિર્ભર શાળાઓ સહિતના પક્ષકારોને નોટિસ જાહેર કરી કેસની વધુ સુનાવણી આગામી દિવસોમાં રાખી હતી.

રાજયની વિવિધ ખાનગી શાળાઓમાં લીઝ, રેન્ટ, લોન પરનું વ્યાજ તથા અન્ય સંબંધિત ખર્ચાઓ નામંજૂર કરવાના ફી નિર્ધારણ કમીટીના નિર્ણયને રદબાતલ ઠરાવતાં અને ફી નિર્ધારણ કરતી વખતે આ બધી બાબતો ધ્યાનમાં લેવા સીંગલ જજે નિર્ણય લીધો હતો. જેને ચીફ જસ્ટિસ સુમિતા અગ્રવાલની ખંડપીઠે એપ્રિલ ૨૦૨૪માં યોગ્ય ઠેરવતા મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો છે. રાજય સરકાર તરફથી કરાયેલી પિટિશનમાં સુપ્રીમકોર્ટનું ધ્યાન દોરાયું હતું કે, ફી નિર્ધારણ સમિતિ દ્વારા વિદ્યાર્થીઓના વિશાળ હિત અને સ્કૂલોના પણ જે પ્રશ્નો હોય તે ધ્યાનમાં લીધા બાદ જ કાયદાનુસાર યોગ્ય રીતે ફી નિર્ધારણ કરવામાં આવતી હોય છે, જે નક્કી કરવાની તેને સત્તા છે. ખાનગી સ્કૂલો વિદ્યાર્થીઓ અને વાલીઓ પાસેથી ખોટી રીતે વધુ પડતી ફી ઉઘરાવી શકે નહી તે કોઈપણ પ્રકારે કાયદાનુસાર ના કહી શકાય. સીંગલ જજ અને હાઈકોર્ટની ખંડપીઠ દ્વારા અપાયેલા ચુકાદાના કારણે વિદ્યાર્થીઓ અને વાલીઓનું વિશાળ હિત જોખમાયુ છે. આ બાબતો ધ્યાનમાં રાખી સુપ્રીમકોર્ટે તાત્કાલિક દરમ્યાનગીરી કરી યોગ્ય રાહત આપતો હુકમ કરવો જોઈએ. સરકારપક્ષ તરફથી વધુમાં જણાયું કે, સરકારના નીતિ વિષયક નિર્ણયમાં સુપ્રીમકોર્ટની દરમિયાનગીરી જરૂરી બને છે કારણ કે, આ વિશાળ જનહિતનો અને હજારો વિદ્યાર્થીઓ અને વાલીઓ સાથે સંકળાયેલો પ્રશ્ન છે. વધુમાં, સીંગલ જજ દ્વારા ફી રેગ્યુલેટરી કમીટી પર લગાવાયેલ અંકુશ અને કમીટી માટે જારી કરાયેલ માર્ગદર્શિકાને પણ પડકારાઈ હતી. આ દલીલો ગ્રાહ્ય રાખી સુપ્રીમકોર્ટે હજારો વિદ્યાર્થીઓ અને વાલીઓને રાહતકર્તા વચગાળાનો આદેશ જારી કર્યો હતો.

રાજયની જુદી જુદી ખાનગી શાળાઓ દ્વારા કરાયેલી અરજીઓમાં જસ્ટિસ ભાર્ગવ ડી.કારીઆએ જૂલાઈ-૨૦૨૨માં ચુકાદો આપતાં ઠરાવ્યું હતું કે, ફી નિયમન કમીટી ખાનગી શાળાઓના સંબંધિત ખર્ચાઓ યોગ્ય કે વાજબી કારણ વિના નકારી શકે નહી. હાઈકોર્ટે ખાનગી શાળાઓને એડમીશન ફી, સત્ર ફી, કરીકયુલમ ફી અને ટયુશન ફી તેમ જ વિદ્યાર્થીઓને અપાતી સુવિધા બાબતે ફી વસૂલવાની મંજૂરી આપી હતી.

ખાનગી શાળાઓમાં લીઝ, રેન્ટ, લોન પરનું વ્યાજ તથા અન્ય સંબંધિત ખર્ચાઓના મુદ્દા ફી નક્કી કરતી વખતે ફી નિયમન કમીટીએ આ બાબતો ધ્યાનમાં લેવાની રહેશે. હાઈકોર્ટે ખાનગી શાળાઓના લીઝ, રેન્ટ સહિતના સંબંધિત ખર્ચાઓ નામંજૂર કરવાના ફી રેગ્યુલેટરી કમીટીના હુકમોને રદબાતલ ઠરાવ્યા હતા અને હાઈકોર્ટના આ નવા નિર્દેશોને ધ્યાનમાં લીધા બાદ નવેસરથી આ તમામ કિસ્સામાં નિર્ણય લેવા હુકમ કર્યો હતો. સીંગલ જજના આ ચુકાદાને હાઈકોર્ટની ખંડપીઠે કાયમ રાખ્યો હતો.

### સરકારે કહ્યું અમારે લેવાદેવા નથી

# રાજકોટમાં ટેકાના ભાવે ખરીદેલી ૩૧ લાખ રૂપિયાથી વધુની મગફળીની ચોરી

### ગિરીરાજ વેરહાઉસ ભાડે રખાયેલા ગોડાઉનમાં ૫૭૬૦૦ મગફળીની બોરીઓ રાખવામાં આવી હતી

રાજકોટ,તા.૬

રાજકોટના જેતપુરમાં ટેકાના ભાવે ખરીદાયેલી મગફળીની ચોરી થઈ હોવાનું સામે આવ્યું છે. વર્ષ ૨૦૨૪માં જેતપુરના ગોડાઉનમાંથી મગફળની ૧૨૧૨ બોરીઓ ચોરાયા બાદ કોંગ્રેસે સવાલો ઉઠાવ્યા છે. જ્યારે સમગ્ર મામલે કૃષિમંત્રી રાઘવજી પટેલનું નિવેદન સામે આવ્યું છે. મળતી માહિતી મુજબ, રાજકોટના જેતપુર તાલુકાના જેતલસર ગામ નજીક સેન્ટ્રલ વેર હાઉસિંગ કોર્પોરેશન તરફથી ગિરીરાજ વેરહાઉસ ભાડે રખાયેલા ગોડાઉનમાં ૫૭૬૦૦ મગફળીની બોરીઓ રાખવામાં આવી હતી. જેમાં ૫ થી ૧૬ ડિસેમ્બર, ૨૦૨૪ દરમિયાન ગિરીરાજ વેરહાઉસમાં રાખેલી મગફળીમાંથી ૧૨૧૨ મગફળીની બોરીઓ ચોરી થઈ હતી. જેમાં અમદાવાદની શ્રીરામ એન્ટરપ્રાઈઝ નામની એજન્સીને વેરહાઉસની દેખરેખનો કોન્ટ્રાકટ સોંપાયો હતો. ૩૧.૬૪ લાખની કિંમતની મગફળીની ચોરી થતાં ખળબળાટ મચી ગયો હતો.

સમગ્ર મામલે કૃષિમંત્રી રાઘવજી પટેલે કહ્યું કે, 'ચોરી બાબતે અમારા વિભાગને કોઈ લેવાદેવા નથી. સરકારે ટેકાના ભાવે મગફળીની ખરીદી સારી રીતે પૂર્ણ કરી છે. જ્યારે ખરીદી બાદ એજન્સી અને નાફેડની જવાબદારી રહે છે.' મગફળીની ચોરી મામલે સેન્ટ્રલ વેરહાઉસિંગ કોર્પોરેશનના ટેકનિકલ આસિસ્ટન્ટ અને વેર હાઉસ મેનેજર અમિતકુમાર ગીલ્લાએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. વેરહાઉસમાં ૬-૬ મહિને ફિઝીકલ વેરિફિકેશન કરવામાં આવતું હોય છે. જોકે, મગફળીની ચોરી મામલ અનેક સવાલો ઊભી થયા છે. કેમ ગોડાઉનમાં સીસીટીવી કેમેરા ન હતા. સિક્યોરિટી હોવા છતાં મગફળી કેમ ચોરાઈ?

### રાજ્ય સરકારનો નિર્ણય

# ગ્રાન્ટેડ શૈક્ષણિક સંસ્થાના ફિક્સ પગારના કર્મીઓને ૨૦ દિવસની રજા અપાશે

### શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક ફીક્સ પગારનાં કર્મચારીઓને માટે ૨૦ માંદગી રજા અને ૧૫ ખાસ રજા આપવામાં આવશે

ગાંધીનગર,તા.૬

રાજ્યની ગ્રાન્ટ-ઇન-એઈડ સંસ્થાઓના શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક ફીક્સ પગારનાં કર્મચારીઓના હિતમાં રાજ્ય સરકાર દ્વારા મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે. પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, રાજ્યની ૩૫૭ ગ્રાન્ટ-ઈન-એઈડ સંસ્થાઓના શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક ફીક્સ પગારનાં કર્મચારીઓને માટે ૨૦ માંદગી રજા અને ૧૫ ખાસ રજા આપવામાં આવશે.આ નિર્ણયનો કુલ ૧૨૮૨ કર્મચારીઓને લાભ મળશે જેમાં ૧૧૬૭ શૈક્ષણિક અને ૧૧૫ બિન-શૈક્ષણિક કર્મચારીઓનો સમાવેશ થાય છે.

પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું હતું કે, રાજ્યની બિનસરકારી અનુદાનિત કોલેજોમાં ફરજ બજાવતા શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક ફીક્સ પગારનાં કર્મચારીઓને સરકારી ફિક્સ પગારના કર્મચારીઓને પ્રાપ્ત મેડીકલ લીવ આપવામાં આવશે.કર્મચારીની પોતાની અથવા કુટુંબના સભ્યોની બિમારી કે અકસ્માતના કારણે થયેલ ગંભીર ઈજાના સંજોગોમાં વર્ષ દરમિયાન ૧૦ રજાઓ પુરા પગારમાં અથવા ૨૦ રજા અડધા પગારમાં નિયમ મુજબ મેડીકલ પ્રમાણપત્રને આધારે મળવાપાત્ર થશે.

ફિક્સ પગારના સમયગાળા દરમિયાન એકઠી થયેલ માંદગી અંગેની રજાઓ નિયમિત નિમણુક બાદ આગળ ફોરવર્ડ પણ કરી શકાશે.આ ઉપરાંત ગ્રાન્ટ-ઈન-એઈડ સંસ્થાઓના બિન-શૈક્ષણિક ફીક્સ પગારનાં નોન-વેકેશનલ કર્મચારીઓને ફિક્સ પગારના કર્મચારીઓને મળતી ૧૫ ખાસ રજાઓ મળવાપાત્ર થશે.ખાસ રજાઓ નિયમિત નિમણુંક બાદ આગળ લઈ જઈ શકાશે નહી તેમ મંત્રીએ વધુમાં જણાવ્યું હતું.

### ગુજરાત બોર્ડ દ્વારા પાઠ ઉમેરાયા

# ધો ૯થી ૧૨માં ગુજરાતી-ઉર્દૂના ચાર પુસ્તકમાં ભગવદ્ ગીતાના પાઠ ઉમેરાયા

### આ વર્ષથી પ્રથમ અને દ્વિતિય સત્રની પરીક્ષામાં અને બોર્ડ પરીક્ષામાં પણ વિદ્યાર્થીઓને ગીતાના પાઠમાંથી પ્રશ્નો પૂછવામાં આવશે

નવી દિલ્હી, તા.૬

ગુજરાત બોર્ડ દ્વારા ધો. ૯થી ૧૨માં કેટલાક વિષયોના પ્રશ્નપત્રના પરિરૂપ બદલવામાં આવ્યા છે અને નવા પરિરૂપ જાહેર કરાયા છે. કારણ કે, સરકારના ઠરાવ મુજબ, ધો. ૯થી ૧૨માં પ્રથમ ભાષાના પુસ્તકોમાં શ્રીમદ ભગવદ્ ગીતાના બે-બે પાઠ ઉમેરવામાં આવ્યા છે. ગુજરાતી, હિન્દી, અંગ્રેજી અને ઉર્દુ સહિતના ચાર પ્રથમ ભાષા વિષયોમાં આ પાઠ ઉમેરવામાં આવતાં આ ચારેય વિષયના પરિરૂપ બદલાયા છે. જેથી હવે આ ચારેય ભાષાના વિષયોમાં આ વર્ષથી પ્રથમ અને દ્વિતિય સત્રની પરીક્ષામાં અને બોર્ડ પરીક્ષામાં પણ વિદ્યાર્થીઓને ગીતાના પાઠમાંથી પ્રશ્નો પૂછવામાં આવશે.

ગુજરાત સરકાર દ્વારા સ્કૂલોમાં ભગવદ્ ગીતાના પાઠ વિદ્યાર્થીઓને ભણાવવા બાબતે ઠરાવ કરવામાં આવ્યો હતો, જેને પગલે પ્રાથમિકથી માંડી ઉચ્ચતર માધ્યમિક સ્કૂલોમાં વિદ્યાર્થીઓને ભગવદ્ ગીતાના શ્લોકો સાથેના પાઠ ભણાવવાનું શરુ કરાયું છે. ગત વર્ષે ધો. ૯થી ૧૨માં ગુજરાતી પ્રથમ ભાષાના પુસ્તકમાં બે ચેપ્ટરના વધારા સાથે નવું પુસ્તક તૈયાર થઈ ગયું હતું. આ પુસ્તકને ગુજરાતીમાં પાછલા વર્ષથી જ ભણાવવાનું શરુ કરી દેવાયું હતું. જોકે, બાકીની ભાષામાં પુસ્તક તૈયાર ન હોવાથી ગુજરાતીમાં પરીક્ષામાં ગીતાના પાઠના પ્રશ્નો પૂછવામાં આવતા ન હતા.

પરંતુ, હવે પાઠ્ય પુસ્તક મંડળ દ્વારા ધો. ૯થી ૧૨માં ગુજરાતી ઉપરાંત ઉર્દુ, હિન્દી અને અંગ્રેજી એમ બાકીના ત્રણેય પ્રથમ ભાષાના પુસ્તકોમાં ગીતાના શ્લોકો સાથેના પાઠનું અનુવાદ તૈયાર કરી દેવાયું છે. આ સિવાય નવા પુસ્તકો તૈયાર કરી દેવાતા બોર્ડ દ્વારા આ વર્ષથી ચારેય ભાષામાં નવા પ્રશ્નપત્ર પરિરૂપનો અમલ શરુ કરી દેવામાં આવ્યો છે.

ગુજરાત બોર્ડ દ્વારા તમામ DEO(ડિસ્ટ્રિક્ટ એજ્યુકેશન ઑફિસર)ને આ બાબતે પરિપત્ર કરીને સ્કૂલોને ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬થી નવા પુસ્તક-નવા પરિરૂપનો અમલ કરાવવા આદેશ કરાયો છે. બોર્ડના જણાવ્યા મુજબ, પ્રશ્નપત્ર પરિરૂપમાં નિષ્ણાતો દ્વારા સુધારા કરવામાં આવ્યા છે અને ૧૭ જુલાઈની બોર્ડની શૈક્ષણિક સમિતિની બેઠકમાં કરાયેલા નિર્ણય અન્વયે આ વર્ષથી ૯થી ૧૨માં પ્રથમ ભાષા વિષયોના અભ્યાસક્રમનું માસવાર આયોજન તેમજ પ્રશ્નપત્ર પરિરૂપનો અમલ કરવામાં આવ્યો છે.

પાઠ્ય પુસ્તક મંડળ દ્વારા પ્રથમ ભાષાના પાઠ્ય પુસ્તકમાં શ્રીમદ ભગવદ્ ગીતાનો સમાવેશ કરવામા આવ્યો છે ત્યારે હિન્દી, ગુજરાતી, ઉર્દુ અને અંગ્રેજી સહિતની ચાર ભાષાના પુસ્તકોમાં બે-બે ચેપ્ટર ઉમેરાયા છે. જેના માટે પૂરક પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે. જેની સોફ્ટ કોપી તૈયાર કરીને સ્કૂલોને મોકલવામાં આવી છે. હવે પ્રથમ-દ્વિતિય સત્ર અને બોર્ડ પરીક્ષામાં ગીતાના પાઠમાંથી ત્રણથી ચાર માર્કસના પ્રશ્નો પણ વિદ્યાર્થીઓને પૂછાશે. આ ચારેય પ્રથમ ભાષાના નવા પ્રશ્નપત્ર પરિરૂપ સાથે મહિનાવાર ભણાવવાના થતાં પ્રકરણોનો પણ અમલ કરવામાં આવશે. મહત્ત્વનું છે કે, હવે ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી માધ્યમ ઉપરાંત ઉર્દુ માધ્યમના વિદ્યાર્થીઓ પણ ગીતાના શ્લોકો-ગીતાના પાઠનું વાંચન કરશે અને ભણશે. ધો. ૯થી ૧૨માં ભણાવાતા કોમ્પ્યુટર વિષયના અભ્યાસક્રમમાં વર્ષોથી જૂના પ્રકરણો ભણાવાતા હતા. જેથી કોમ્પ્યુટરનો કોર્સ હાલના સમય-ટૅક્નોલૉજી મુજબ બદલવા માટે અનેકવાર માંગણીઓ પણ કરાઈ હતી. જેને પગલે બોર્ડ દ્વારા કોમ્પ્યુટર વિષયનો નવો અભ્યાસક્રમ તૈયાર કરવામાં આવ્યો છે અને જે માટેનું નવું પુસ્તક પણ પાઠ્ય પુસ્તક મંડળ દ્વારા તૈયાર કરાયું છે. આ વર્ષથી હવે નવો કોર્સ ભણાવાશે અને જેનું નવું પરિરૂપ પણ તૈયાર કરાયું છે. આ ઉપરાંત ધો.૧૨ અર્થશાસ્ત્ર વિષયમાં પ્રાકૃતિક ખેતીનું ચેપ્ટર ઉમેરાયું છે. વિદ્યાર્થીઓ હવે પ્રાકૃતિક ખેતી વિશે જાણશે અને પરીક્ષામાં આ ચેપ્ટરમાંથી પ્રશ્નો પણ પૂછાશે. આ નવા ચેપ્ટર સાથે અર્થશાસ્ત્ર વિષયનું પણ નવું પ્રશ્નપત્ર પરિરૂપ બોર્ડ દ્વારા તૈયાર કરાયું છે. જેમાં પણ મહિના પ્રમાણે આયોજન તૈયાર કરાયું છે.

### એક ભૂલ તેમને જેલ ના સળીયા સુધી લઈ ગઈ

# ૧૫થી વધુ ગાડીઓના ટાયર કાપી દેનાર ગેંગનો પર્દાફાશ

### અંગત અદાવતમાં ૧૫થી વધુ ગાડીઓના ટાયર કાપી દેનાર ગેંગની સેટેલાઇટ પોલીસે ધરપકડ કરી

અમદાવાદ, તા.૬

અમદાવાદ શહેરના સેટેલાઈટ વિસ્તારમાં પણ આવો જ એક બનાવ સામે આવ્યો છે. અંગત અદાવતમાં એક બે નહીં પરંતુ ૧૫થી વધુ ગાડીઓના ટાયર કાપી દેનાર ગેંગની સેટેલાઈટ પોલીસએ ધરપકડ કરી છે. આરોપીઓએ પોલીસથી બચવા માટે શર્ટથી ચહેરો છુપાવ્યો, વાહનની નંબરપ્લેટ કાઢી નાંખી પરંતુ તેમની એક ભૂલ તેમને જેલ ના સળીયા સુધી લઈ ગઈ છે.થોડા દિવસ પહેલા અમદાવાદ ના પોશ વિસ્તાર એવા સેટેલાઈટ ના રાજીવનગર પાસે આવેલા વૈભવ ટાવર નજીક ૧૫ થી વધુ પાર્ક કરેલી કાર ના ટાયરમાં તીક્ષ્ણ હથિયારથી ટાયરો કાપીને ગેંગ ફરાર થઈ ગઈ હતી જે સમગ્ર ઘટના ત્યાં લાગેલા સીસી ટીવી માં પણ કેદ થવા પામ્યો હતો ત્યારે આ મામલે સેટેલાઈટ પોલીસે સોસાયટી, દુકાનો અને બિલ્ડીંગના ૫૦ થી વધુ સીસીટીવી તપાસ્યા બાદ ગેંગના ચાર સાગરિતોને ઝડપી પાડ્યા છે. પોલીસે વિપીનસિંહ ગરાસિયા, અનિલસિંહ ગરાસીયા, મહેશ સિસોદીયા અને જીતેન્દ્રસિંહ ગરાસીયાને ઝડપી પાડી તેમની પાસેથી છરી કબ્જે કરવામાં આવી છે. પોલીસે આરોપીઓની પૂછપરછ કરતા આરોપીઓએ નેપાળસિંગ નામના આરોપીના કહેવાથી આ કરતુત કરી હોવાનું સામે આવ્યુ છે.

રાજીવનગરમાં રહેતો અને ગાડી ડ્રાઈવીંગ કરતા નેપાળસિંગને તેના પિતરાઈ ભાઈ જીગ્નેશ સાથે રાજસ્થાન ના ઉદેપુર ખાતે વતનમાં ઝગડા થયા હતા..જેની અદાવત રાખીને નેપાળસિંગે જીગ્નેશને નુકશાન પહોંચાડવા માટે આરોપીઓ સાથે મળીને વૈભવ ટાવર બહાર પાર્ક કરેલી ગાડીઓના ટાયરો ચીરી નાખ્યા હતા.

જીગ્નેશ પણ અહીં ગાડી પાર્ક કરતો હતો અને નેપાળસિંગ પણ ત્યાં જ ગાડી પાર્ક કરતો હતો. જેથી જીગ્નેશની ગાડીની સાથે સાથે અન્ય લોકોની પણ ગાડીના ટાયરો ચીરી નાખ્યા હતા. સેટેલાઈટ પોલીસે આ કેસમાં ફરાર આરોપી નેપાળસિંગની શોધખોળ હાથ ધરી છે.

મહત્વની બાબતતો એ છે કે આરોપીઓ ગુનો આચરતા પહેલા પોલીસના હાથે પકડાઈ ના જાય તે માટે તમામ તકેદારી રાખી હતી. ગુના આચરતા સમયે તેમના ચહેરા દેખાય નહીં તે માટે શર્ટથી ચહેરો ઢાંકી દીધો હતો. તેમના વાહનનોની નંબરપ્લેટ પણ કાઢીને રીક્ષામાં મુકી દીધી હતી..રીક્ષામાં શર્ટ પણ બદલી નાંખ્યો હતો. પરંતુ તેમના લાખ પ્રયત્ન બાદ પણ તેઓ પોલીસથી બચી શક્યા ના હતાં.

ગુનાને અંજામ આપ્યા બાદ જ્યારે તેઓ પરત જઈ રહ્યા હતા ત્યારે આરોપીઓ એક આઈસ્ક્રીમ પાર્લર પર આઈસ્ક્રીમ ખાવા માટે ઉભા રહ્યા હતાં. જ્યાં તેણે ઓનલાઈન પેમેન્ટ કર્યું હતું. જેના આધારે પોલીસ તેમના સુધી પહોચી હતી. હાલમાં પોલીસએ તમામ આરોપીઓ વિરુદ્ધમાં ગુનો દાખલ કરીને વધુ કાર્યવાહી શરૂ કરી છે. જ્યારે મુખ્ય આરોપી નેપાળસિંગને પકડવા માટેની તજવીશ શરૂ કરી છે. નેપાળસિંગ ડ્રાઈવીંગનું કામ કરતો હોવાનું તપાસ દરમિયાન સામે આવ્યું છે.

### અમેરિકા ટેન્શનમાં!

# ડોનાલ્ડ ટ્રમ્પની ધમકીઓ વચ્ચે ભારત સરકારના મોટા અધિકારી રશિયા પહોંચ્યા

### અજિત ડોભાલ પ્રમુખ પુતિનને પણ મળી શકે છે

નવી દિલ્હી, તા.૬

રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવા બદલ ભારત સામે ભારે ટેરિફ લાદવાની ટ્રમ્પની ધમકીઓ વચ્ચે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ મોસ્કો પહોંચ્યા છે. આ સમય દરમિયાન અજિત ડોભાલ રશિયન સરકારના વરિષ્ઠ રણનીતિકારોને મળશે. અજિત ડોભાલ પ્રમુખ પુતિનને પણ મળી શકે છે.

રશિયન સમાચાર એજન્સી TASS અનુસાર, અજિત ડોભાલ રશિયન નેતાઓ સાથે વ્યૂહાત્મક ભાગીદારી અને પરસ્પર સંબંધો સુધારવા અંગે ચર્ચા કરશે. અજિત ડોભાલની રશિયા મુલાકાત અમેરિકા અને ભારત વચ્ચે ખૂબ જ નાજુક સ્થિતિ વચ્ચે યોજાઈ રહી છે.

હાલમાં અમેરિકન પ્રમુખ ટ્રમ્પ ભારત દ્વારા રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવા પર ગુસ્સે છે. તેમણે એક સાથે બે ધમકીઓ આપી છે. ટ્રમ્પે કહ્યું છે કે ભારત મોસ્કો પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદીને રશિયાના યુક્રેન યુદ્ધને ભંડોળ પૂરું પાડી રહ્યું છે. તેથી, ભારતે રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવાનું બંધ કરવું જોઈએ. નહીં તો, અમેરિકા ભારત પર ભારે ટેરિફ લાદશે.આ સાથે, ટ્રમ્પે રશિયાને યુક્રેન યુદ્ધમાં ટૂંક સમયમાં યુદ્ધવિરામ જાહેર કરવા પણ કહ્યું છે.

ટ્રમ્પે કહ્યું છે કે જો રશિયા યુદ્ધવિરામ નહીં કરે તો અમેરિકા કડક પ્રતિબંધો લાદશે. અજિત ડોભાલની રશિયાની મુલાકાત આવા તણાવપૂર્ણ વાતાવરણમાં થઈ રહી છે. જોકે તેમની મુલાકાત પૂર્વનિર્ધારિત હતી. પરંતુ વર્તમાન વાતાવરણે આ મુલાકાતને વધુ મહત્વપૂર્ણ બનાવી દીધી છે.

રશિયન સમાચાર એજન્સી TASS અનુસાર, આ એક પૂર્વનિર્ધારિત મુલાકાત છે. તેનો એજન્ડા ભારત અને રશિયા વચ્ચે સંરક્ષણ સહયોગ પર કેન્દ્રિત રહેશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, "ભૌગોલિક રાજકીય પરિસ્થિતિમાં વર્તમાન તણાવ પર પણ ચર્ચા કરવામાં આવશે. આ ઉપરાંત, ભારતને રશિયન તેલ સપ્લાય જેવા મહત્વપૂર્ણ મુદ્દાઓ પણ તેમાં સામેલ કરવામાં આવશે."

### ઉત્તરકાશીમાં કુદરતી આફત આવી છે

# ઉત્તરકાશીમાં વાદળ ફાટવાથી ૧૧ જવાન સહિત ૫૦ લોકો ગુમ થયા

### ધરાલી ગામમાં વાદળ ફાટવાથી ભારે વિનાશ થયો છે, અહીં ડઝનબંધ ઘરો ધોવાઈ ગયા : બચાવ કામગીરી જારી

ઉત્તરકાશી, તા.૬

ઉત્તારાખંડના ઉત્તારકાશી જિલ્લાના ધારલીમાં ખીર ગંગા નદી પર વાદળ ફાટવાથી પૂર આવ્યું. આ વિનાશમાં ૧૧ જવાન સહિત ૫૦ લોકો ગુમ થયા હોવાના સમાચાર છે. એટલું જ નહીં, છદ્વૈં અનુસાર, હવે ૧૩૦ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. બચાવ કામગીરી ચાલુ છે. સીએમ પુષ્કર સિંહ ધામીએ માહિતી આપી હતી કે રાહત અને બચાવ કાર્ય ચાલી રહ્યું છે. ડિઝાસ્ટર ફોર્સ યુદ્ધના ધોરણે કામ કરી રહી છે. અત્યાર સુધી ૫ લોકોના મોતના સમાચાર છે. ગુમ થયેલા જવાનોના સમાચારની હજુ સુધી પુષ્ટિ થઈ નથી.

ઉત્તરકાશીના ધરાલી ગામમાં વાદળ ફાટવાથી ભારે વિનાશ થયો હતો. આમાં ૪ લોકોના મોત થયા છે, જ્યારે ૫૦થી વધુ લોકો ગુમ છે. SDRF, NDRF, ITBP અને આર્મી ટીમો બચાવ કાર્યમાં રોકાયેલી છે. અત્યાર સુધીમાં ૧૩૦થી વધુ લોકોને બચાવી લેવામાં આવ્યા છે.

સીએમ ધામી આંધ્રપ્રદેશની મુલાકાતથી સીધા દેહરાદૂન સ્થિત સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર પહોંચ્યા છે. જ્યાં તેઓ વહીવટીતંત્ર, પોલીસ અને અન્ય અધિકારીઓ સાથે રાહત અને બચાવ પ્રયાસોનું સંકલન કરી રહ્યા છે. તેમણે કહ્યું કે વીજળી પુનઃસ્થાપિત કરવી એ સર્વોચ્ચ પ્રાથમિકતા છે અને બચાવ કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી રહી છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આજે ઉત્તરકાશી, રુદ્રપ્રયાગ, ચમોલી, બાગેશ્વર, પિથોરાગઢ અને ઉધમ સિંહ નગરના કેટલાક ભાગોમાં ભારેથી અતિ ભારે વરસાદ માટે ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ઉત્તરકાશીમાં શાળાઓ બંધ રાખવામાં આવી છે. વરસાદને કારણે રાહત અને બચાવ કાર્ય મુશ્કેલ બનશે.

### પર્યાવરણના સંરક્ષણ માટે ભરપાઈ અને નિવારણના પગલાં જરૂરી

# પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ પર્યાવરણીય નુકસાન માટે પેનલ્ટી લાદી શકેઃ સુપ્રીમ

નવી દિલ્હી, તા.૬

સુપ્રીમ કોર્ટે એક મહત્ત્વપૂર્ણ ચુકાદામાં પર્યાવરણીય નુકસાન બદલ નાણાકીય પેનલ્ટી લાદવાની પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની સત્તાને બંધારણીય અને કાયદેસર ગણાવી છે. સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે પર્યાવરણને થયેલા નુકસાન કે ભાવિ નુકસાન બદલ બોર્ડ પેનલ્ટી વસૂલ કરી શકે છે. કોર્ટે સ્પષ્ટતા કરી હતી કે પર્યાવરણના સંરક્ષણ માટે માત્ર સજા આપવી પૂરતી નથી, પરંતુ વળતર અને નિવારણના પગલાં પણ જરૂરી છે.ન્યાયાધીશ પીએસ નરસિંહા અને મનોજ મિશ્રાની બનેલી ખંડપીઠે તેના ચુકાદામાં જણાવ્યું હતું કે વોટર એક્ટ અને એર એક્ટની જોગવાઈઓ હેઠળ પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને બંધારણીય અને કાયદાકીય રીતે વાસ્તવિક અથવા સંભવિત પર્યાવરણીય નુકસાન માટે નુકસાન વસૂલવાનો અધિકાર છે. ભારતના પર્યાવરણીય કાયદાના સિદ્ધાંતોની વિચારણા કર્યા પછી અમે માનીએ છીએ કે પર્યાવરણ નિયંત્રણ બોર્ડ વોટર અને એર ધારાઓ હેઠળની સત્તાનો ઉપયોગ કરીને પર્યાવરણને થયેલા નુકસાન બદલ નાણાકીય પેનલ્ટી લાદી શકે છે અને તેને વસૂલ કરી શકે છે. તે પર્યાવરણને ભાવિ નુકસાનને અટકાવવાના પગલાં તરીકે બેન્ક ગેરેંટી પણ માગી શકે છે.આ સત્તાઓ વોટર અને એર એક્ટની કલમ હેઠળ સશક્તિકરણ માટેની આનુષંગિક અને સહાયક સ્વરૂપની છે. આવું નુકસાન ભરપાઈ ફોજદારી દંડથી અલગ છે, કારણ કે તે દીવાની સ્વરૂપનું છે. સર્વોચ્ચ અદાલતે ૨૦૧૨ના દિલ્હી હાઈકોર્ટના ચુકાદાને રદ કર્યો હતો. દિલ્હી હાઈકોર્ટે તેના ચુકાદામાં પર્યાવરણીય નુકસાનની માંગણી કરવા માટે પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની સત્તાઓમાં ઘટાડો કર્યો હતો.

### ૧૨મી ઓગસ્ટ સુધી હળવાથી મધ્યમ વરસાદની આગાહી

# અમદાવાદમાં બેથી ત્રણ ડિગ્રી તાપમાન વધશે

અમદાવાદ, તા.૬

ગુજરાતમાં શ્રાવણ અડધે આવી ગયો છે પરંતુ ગુજરાતમાં હાલ ક્યાંય ભારેથી અતિભારે વરસાદની આગાહી નથી. છેલ્લા થોડા દિવસથી ગુજરાતમાં વરસાદે થોડો બ્રેક માર્યો હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે આ સપ્તાહના અંતમાં રક્ષાબંધનનો તહેવાર આવી રહ્યો છે.

આ તહેવારને કારણે મોટા પ્રમાણમાં લોકો અવરજવર કરતા હોય છે. ત્યારે આગામી સાત દિવસ એટલે ૧૨મી ઓગસ્ટને મંગળવાર સુધીમાં રાજ્યમાં કેવો વરસાદ પડશે તે અંગે હવામાન વિભાગે આગાહી આપી છે તે જોઈએ.હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્રના ડાયરેક્ટર, એ. કે. દાસે આજની આગાહીમાં જણાવ્યું છે કે, આજથી (છઠ્ઠી ઓગસ્ટ) ગુજરાતમાં સાત દિવસ એટલે કે ૧૨મી ઓગસ્ટ સુધીમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. આ ઉપરાંત માછીમારો માટે કોઈ પણ ચેતવણી આપવામાં આવી નથી. આ સાથે આગામી સાત દિવસ એટલે કે, ૧૨મી ઓગસ્ટ સુધીમાં કોઈપણ સ્થળે ભારે વરસાદની આગાહી આપવામાં આવી નથી. અમદાવાદનું તાપમાન બેથી ત્રણ ડિગ્રી વધી શકે છે.છેલ્લા ૨૪ કલાકમાં કચ્છ, સૌરાષ્ટ્ર, ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં વરસાદ નોંધાયો હતો.જેમાં વલસાડમાં સૌથી વધુ ૯ એમએમ વરસાદ નોંધાયો છે.હવામાન વિભાગની આગાહી પ્રમાણે, આજથી આઠમી તારીખ સુધીમાં સૌરાષ્ટ્ર-કચ્છના તમામ જિલ્લાઓમાં અમુક સ્થળોએ એટલે કે સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, મોરબી, દ્વારકા, ગીર સોમનાથ, બોટાદ, કચ્છ અને દીવમાં અને દમણ, દાદરામાં નગર હવેલી; ઉત્તર અને દક્ષિણ ગુજરાત ક્ષેત્રના તમામ જિલ્લાઓ જેમ કે બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ અને મહિસાગરમાં તથા વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, તાપી, નવસારી, વલસાડમાં ઘણા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદ પડવાની શક્યતા છે.

હવામાન વિભાગે આપેલા વેધર મેપ પ્રમાણે, નવમીથી ૧૨મી ઓગસ્ટ સુધીમાં આખા ગુજરાતના તમામ જિલ્લામાં અમુક સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી આપવામાં આવી છે.

## UPI એ બનાવ્યો નવો રેકોર્ડ

# પ્રથમ વખત એક જ દિવસમાં ૭૦ કરોડથી વધારે ટ્રાન્ઝેક્શન

**આગામી સમયમાં હવે સરકારનું લક્ષ્ય UPI દ્વારા દૈનિક વ્યવહારોને ૧ અબજ (૧૦૦ કરોડ) સુધી વધારવાનું છે**

નવી દિલ્હી, તા.૬

ડિજિટલ તરફ આગળ વધતા ભારતમાં UPI ની લોકપ્રિયતા કેટલી વધી છે તેનો અંદાજ તમે એ વાત પરથી પણ લગાવી શકો છો કે એક જ દિવસમાં અમેરિકાની વસ્તી કરતા બમણી UPI દ્વારા ટ્રાન્ઝેક્શન થયા છે. ૨૦૨૪ ના આંકડા મુજબ, અમેરિકાની વસ્તી લગભગ ૩૪૧.૨ મિલિયન હતી, પરંતુ ભારતમાં, ૨ ઓગસ્ટ, ૨૦૨૫ ના રોજ, UPI દ્વારા એક જ દિવસમાં રેકોર્ડ ૭૦૭ મિલિયન ટ્રાન્ઝેક્શન થયા.

નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI) દ્વારા શેર કરાયેલા આ આંકડા દર્શાવે છે કે આ પ્લેટફોર્મનો ઉપયોગ કેવી રીતે ઝડપથી વધ્યો છે. UPI એ છેલ્લા કેટલાક વર્ષોમાં જ આ ઐતિહાસિક સીમાચિહ્ન હાંસલ કર્યું છે. ૨૦૨૩ માં, દરરોજ લગભગ ૩૫૦ મિલિયન (૩૫ કરોડ) UPI વ્યવહારો હતા. ઓગસ્ટ ૨૦૨૪ સુધીમાં, આ સંખ્યા વધીને ૫૦૦ મિલિયન (૫૦ કરોડ) થઈ ગઈ. હવે આ આંકડો ૭૦૦ મિલિયન (૭૦ કરોડ) સુધી પહોંચી ગયો છે.

હવે સરકારનું લક્ષ્ય UPI દ્વારા દૈનિક વ્યવહારોને ૧ અબજ (૧૦૦ કરોડ) સુધી વધારવાનું છે. ફિનટેક કંપનીઓ અને પેમેન્ટ યુનિયનો કહે છે કે આટલા મોટા ટ્રાન્ઝેક્શન વોલ્યુમને ટકાવી રાખવા માટે, હવે MDR (મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ) પાછો લાવવો જરૂરી બની શકે છે. RBI એ તાજેતરમાં કહ્યું છે કે UPI સિસ્ટમને નાણાકીય રીતે ટકાઉ બનાવવી જરૂરી છે. RBI ગવર્નર સંજય મલ્હોત્રાએ કહ્યું, "કોઈને તો આ માળખાગત સુવિધાનો ખર્ચ ઉઠાવવો પડશે." સરકારે અગાઉ નાણાકીય વર્ષ ૨૦૨૪ માં UPI સિસ્ટમ માટે લગભગ રૂ. ૪,૫૦૦ કરોડની સબસિડી આપી હતી, પરંતુ નાણાકીય વર્ષ ૨૫ માં તે ઘટાડીને માત્ર રૂ. ૧,૫૦૦ કરોડ કરવામાં આવી હતી.

UPI હવે માત્ર ભારતમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં સૌથી વધુ સંખ્યામાં રીઅલ-ટાઈમ ડિજિટલ ચુકવણીઓ પ્રક્રિયા કરે છે. ગયા મહિને, UPI એ લગભગ ૨૫ લાખ કરોડ રૂપિયાના ૧૯.૫ અબજ વ્યવહારો કર્યા. જો તમે યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (UPI) થી પૈસા ટ્રાન્સફર કરી રહ્યા હોવ અને ભૂલથી તે કોઈ બીજાના ખાતામાં ટ્રાન્સફર થઈ જાય તો ઘણી વાર પરેશાન થઈ જવાય છે. જો કે, રિફંડ મેળવવા માટેની પ્રક્રિયાઓ પણ છે.

## ફરી ટકરાશે ભારત અને ઇંગ્લેન્ડ

# ટેસ્ટ સમાપ્ત થતાં જ સામે આવ્યું T૨૦ સિરીઝનું શેડ્યૂલ

**ઇંગ્લેન્ડ ભારત સામે પાંચ T૨૦ મેચ પણ રમશે**

નવી દિલ્હી, તા.૬

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની ટેસ્ટ સિરીઝનો રોમાંચ પૂરો થયાને ફક્ત એક દિવસ જ થયો છે. તેંડુલકર-એન્ડરસન ટ્રોફી ૨-૨થી ડ્રો રહી. ત્યારે ફરી એકવાર ભારત-ઈંગ્લેન્ડ વચ્ચે ટક્કર જોવા મળશે. ભારત-ઈંગ્લેન્ડ સિરીઝનું નવું શેડ્યૂલ સામે આવ્યું છે. ટીમ ઈન્ડિયા આ વખતે T20 સિરીઝ માટે ઈંગ્લેન્ડનો પ્રવાસ કરશે. પરંતુ ટીમનો કેપ્ટન શુભમન ગિલ નહીં પરંતુ સૂર્યકુમાર યાદવ હશે. ગયા વર્ષે તેને T20ની કમાન સોંપવામાં આવી હતી.

ભારતીય ટીમ હવે T20 વર્લ્ડ કપ ૨૦૨૬ માટે તૈયારી કરશે. ઈંગ્લેન્ડ ક્રિકેટ બોર્ડે તેનું T20 શેડ્યૂલ જાહેર કર્યું છે, જેમાં ઈંગ્લેન્ડ ભારત સામે પાંચ T20 મેચ પણ રમશે. આ માટે ટીમ ઈન્ડિયા ઈંગ્લેન્ડનો પ્રવાસ કરશે. આ મેચ ડરહામ, માન્ચેસ્ટર, નોટિંગહામ, બ્રિસ્ટોલ અને સાઉધમ્પ્ટનમાં રમાશે. જોકે, આ શેડ્યૂલ આગામી વર્ષ ૨૦૨૬ માટે છે.

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની T20 સિરીઝ જુલાઈ ૨૦૨૬માં રમાશે. આ મેચો ૧ જુલાઈથી ૧૧ જુલાઈ સુધી રમાશે. આ પછી, ઈંગ્લેન્ડની ટીમ શ્રીલંકા સામે T20 સિરીઝ રમશે. આ મેચો સપ્ટેમ્બરમાં યોજાશે. જોકે, ટીમ ઈન્ડિયા ઈંગ્લેન્ડનો સામનો કરતા પહેલા કેટલીક T20 મેચ રમશે. દર વર્ષે IPLમાંથી નવા યુવાનો બહાર આવી રહ્યા છે અને શાનદાર પ્રદર્શન કરી રહ્યા છે. આવતા વર્ષના T20 વર્લ્ડ કપ સુધીમાં કેટલા નવા યુવા ખેલાડીઓ ઉભરી આવે છે તે જોવું રસપ્રદ રહેશે. હાલમાં, રિંકુ સિંહ, સાઈ સુદર્શન જેવા વિસ્ફોટક બેટ્સમેન IPLમાં તોફાન મચાવીને BCCIના દરવાજા ખટખટાવવામાં વ્યસ્ત છે. બધાની નજર આ નવા ઉભરતા યંગિસ્તાન પર રહેશે.

## ઝારખંડની ચાઇબાસા કોર્ટે જામીન આપ્યા

# માનહાનિ કેસમાં રાહુલ ગાંધીને મોટી રાહત મળી

**અમિત શાહ પર ટીપ્પણી મામલે ભાજપ નેતા પ્રતાપ કટિહાર દ્વારા દાખલ કરાયેલા માનહાનિના કેસ સંબંધિત હતો**

રાંચી, તા.૬

કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીને માનહાનિ કેસમાં બુધવારે જામીન મળ્યા. ઝારખંડના ચાઈબાસાની એમપી-એમએલએ કોર્ટે આ જામીન આપ્યા હતા. મામલો ભાજપ નેતા પ્રતાપ કટિહાર દ્વારા દાખલ કરાયેલા માનહાનિના કેસ સંબંધિત હતો.

આ વિવાદની શરુઆત રાહુલ ગાંધીના ૨૮ માર્ચ ૨૦૧૮માં કોંગ્રેસ અધિવેશનમાં આપેલા એક નિવેદનથી થઈ હતી. જેમાં રાહુલ ગાંધીએ ભાજપના તત્કાલીન પ્રમુખ અમિત શાહ અંગે વિવાદિત ટિપ્પણી કરી હતી. ત્યારે આ મામલે ૯ જુલાઈ ૨૦૧૮ના રોજ પ્રતાપ કટિહારે ચાઈબાસા સીજેએમ કોર્ટમાં માનહાનિનો કેસ દાખલ કર્યો હતો. આ મામલે અનેક વખત સમન્સ મોકલાયા હતા પણ રાહુલ ગાંધી કોર્ટમાં હાજર થયા ન હતા. છેવટે ૨૬ જૂને કોર્ટે તેમને હાજર કરવા માટે બિન જામીનપાત્ર વૉરન્ટ ઈશ્યૂ કર્યો હતો. રાહુલ ગાંધીએ તેની સામે હાઈકોર્ટમાં અરજી દાખલ કરી હતી. આ કેસ અગાઉ ચાઈબાસા સીજેએમ કોર્ટમાંથી રાંચીમાં આવેલી એમપી-એમએલએ સ્પેશિયલ કોર્ટમાં ટ્રાન્સફર કરાયો હતો પણ પછીથી જ્યારે ચાઈબાસામાં એમપી-એમએલએ સ્પેશિયલ કોર્ટની રચના થઈ તો ફરીવાર કેસ ચાઈબાસા શિફ્ટ કરાયો હતો. ૨૦૧૮માં કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ ભાજપના કેન્દ્રીય નેતૃત્વ પર આરોપ લગાવ્યો હતો કે ભાજપમાં કોઈપણ ખૂની કેન્દ્રીય અધ્યક્ષ બની શકે છે.

આ નિવેદન સામે ચાઈબાસામાં પ્રતાપ કટિહાર દ્વારા કોર્ટમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. જોકે, કોર્ટે તેમની જામીન અરજી સ્વીકારી અને કેસમાં આગળની કાર્યવાહીનો આદેશ આપ્યો. બંને પક્ષો વતી કોર્ટમાં કઈ જુબાની રજૂ કરવામાં આવશે. આ પછી જે પણ નિર્ણય લેવામાં આવશે તે સંપૂર્ણપણે કોર્ટ પર નિર્ભર છે.

## અમેરિકાનું બેવડું વલણ, દેશહિતમાં જરૂરી પગલાં લઈશું: ભારત

# ૨૪ કલાકમાં જ ભારત પર ટેરિફ વધારો ઝીંકાશે: ટ્રમ્પની ચીમકી

**અમેરિકા ભારત સાથે ખૂબ ઓછો બિઝનેસ કરે છે, કારણ કે ભારતમાં ટેરિફ વધુ છે, જ્યારે ભારત ઘણો બિઝનેસ અમેરિકા સાથે કરે છે**

ન્યૂયોર્ક મોસ્કો, તા.૬

એક સમયે ભારતના જિગરજાન દોસ્ત કહેવાતા યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે હવે જાની દુશ્મન જેવો વ્યવહાર શરૂ કરી દીધો છે. આગામી ૨૪ કલાકમાં ભારત પર આકરો ટેરિફ વધારો ઝીંકવાની ચીમકી ટ્રમ્પે આપી દીધી છે. માથા ફરેલા ટ્રમ્પ બોલીને ફરી જવા માટે અને અણધાર્યા આંચકા આપવા માટે જાણીતા છે. ટ્રમ્પનું માનવું છે કે ભારત સારું ટ્રેડિંગ પાર્ટનર નથી. રશિયા પાસેથી ભારત ઓઈલ ખરીદતું હોવાનું કારણ આપીને ટ્રમ્પે ટેરિફ વધારો ઝીંકવાની ચીમકી આપી દીધી છે. સીએનબીસી સાથે ઈન્ટરવ્યૂ દરમિયાન ટ્રમ્પે કહ્યું હતું કે, સૌથી વધુ ટેરિફ ધરાવતો દેશ ભારત છે અને લોકોને ભારત વિષે આ વાત કહેવાનું ગમતું નથી. અન્ય કોઈ પણ દેશ કરતાં વધારે ટેરિફ છે. અમેરિકા ભારત સાથે ખૂબ ઓછો બિઝનેસ કરે છે, કારણ કે ભારતમાં ટેરિફ વધુ છે, જ્યારે ભારત ઘણો બિઝનેસ અમેરિકા સાથે કરે છે. જેથી ભારત સારું ટ્રેડિંગ પાર્ટનર નથી અને તેથી ભારત સાથે બિઝનેસ કરવાની અમેરિકાની કોઈ ઈચ્છા નથી. ટ્રમ્પે વધુમાં કહ્યુ હતુંકે, ભારત માટે ૨૫ ટેરિફનો દર રાખ્યો છે, પરંતુ આગામી ૨૪ કલાકમાં આ દરમાં ઘણો વધારો કરવાની મારી ઈચ્છા છે. ભારત ઓઈલ મામલે જે કરી રહ્યું છે તે અયોગ્ય છે. રશિયા પાસેથી જંગી ઓઈલ ખરીદ્યા પછી ભારત તેને તોતિંગ નફા સાથે વેચી રહ્યું છે, જે અયોગ્ય છે. ટ્રમ્પે કરેલી ટીકાને ભારતે નકારી કાઢી છે અને આ મામલે બેવડા વલણ રાખવાનો વળતો આક્ષેપ કર્યો છે. વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, યુરોપ અને રશિયાની ભાગીદારી માત્ર ઊર્જા ક્ષેત્ર પૂરતી મર્યાદિત નથી. ફર્ટિલાઈઝર, ખનીજ પેદાશો, કેમિકલ, સ્ટીલ, મશીનરી અને ટ્રાન્સપોર્ટ સાધનોમાં બંને દેશની ભાગીદારી છે. યુએસના કિસ્સામાં પણ રશિયામાંથી યુરેનિયમની જંગી આયાત કરાય છે, જેનો ઉપયોગ અમેરિકાના પરમાણુ ઉદ્યોગમાં થાય છે. રશિયા પાસેથી ખરેલીદેલા પેલેડિયમનો ઉપયોગ ઈલેક્ટ્રોનિક વ્હિકલમાં અને ફર્ટિલાઈઝરનો ઉપયોગ કેમિકલમાં થાય છે. યુરોપ અને અમેરિકા બંને માટે રશિયા ટ્રેડ પાર્ટનર છે ત્યારે ભારતને અકારણ ટાર્ગેટ કરાઈ રહ્યું છે. અન્ય મોટા અર્થતંત્રોની જેમ ભારત પણ દેશહિતમાં અને આર્થિક સલામતી માટે જરૂરી પગલાં લેશે.ટ્રમ્પ દ્વારા રશિયા પાસેથી તેલ ખરીદવા મામલે ભારત પર ટેરિફમાં ભારે વૃદ્ધિની ધમકી પર કોંગ્રેસ મહામંત્રી જયરામ રમેશે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર જોરદાર હુમલો કર્યો છે. જયરામ રમેશે વડાપ્રધાન મોદી ટ્રમ્પને તેમના જૂના મિત્ર ગણાવતાં હતા તે વખતના તેમના જૂના નિવેદન યાદ અપાવ્યા હતા. તેમણે કહ્યું કે વર્ષોથી વડાપ્રધાન દાવો કરી રહ્યા છે કે ટ્રમ્પ અને તેમની વચ્ચે ખાસ સંબંધ છે. પરંતુ આ મિત્રતા હવે ખૂબ મોંઘી સાબિત થઈ રહી છે. વિદેશ મંત્રાલયે હવે નિવેદન જાહેર કરીને કહ્યું કે, એ સ્પષ્ટ છે કે અમેરિકાની સાથે આપણા સંબંધ બગડી ગયા છે. આજે ચીન, અમેરિકા અને પાકિસ્તાન આપણા માટે પડકાર બની ગયા છે. એક લોકપ્રિય ગીત છે 'દોસ્ત દોસ્ત ના રહા.' વડાપ્રધાનને પણ ગીત જરૂર યાદ આવતું હશે. પરંતુ હવે તેમણે 'દોસ્ત દોસ્ત ના રહા, ટ્રમ્પ યાર હમે તેરા એતબાર ના રહા' ગીત ગાવવું જોઈએ.

## 'વોર ૨'ને સેન્સર બોર્ડે યુએ સર્ટિફિકેટ આપ્યું

# રિતિકની 'વોર ૨' યશરાજના સ્પાય યુનિવર્સની સૌથી લાંબી ફિલ્મ

**આ ફિલ્મમાં રિતિક રોશન ને જુનિયર એનટીઆર સાથે કિઆરા અડવાણી પણ છે. યશરાજના સ્પાય યુનિવર્સનું આ છઠ્ઠું પ્રકરણ છે**

મુંબઈ, તા.૬

આયાન મુખર્જીની યશરાજ ફિલ્મ્સની સ્પાય યુનિવર્સની ફિલ્મ 'વૉર ૨'ની રિલીઝને હવે ગણતરીના દિવસો રહ્યાં છે. આ એક એવી ફિલ્મ છે, જેમાં રિતિક રોશન અને જુનિયર એનટીઆર વચ્ચે ટક્કર જોવા મળશે. સાથે જ 'વૉર ૨' એ યશરાજના સ્પાય યુનિવર્સનાં સૌથી ભયંકર પ્રકરણ સાથેની મહત્વાકાંક્ષી ફિલ્મ હોવાનું માનવામાં આવે છે.દુનિયાભરમાં ૧૪ ઓગસ્ટે ફિલ્મ રિલીઝ થઈ રહી છે, આવનારા વીકેન્ડમાં ફિલ્મનું એડવાન્સ બૂકિંગ પણ શરૂ થઈ જશે એવું આયોજન છે. હવે આ ફિલ્મના સેન્સર સર્ટિફિકેશન અંગે પણ કેટલાંક અહેવાલો આવી રહ્યા છે. હજુ સોમવારે જ તેની સેન્સરની પ્રક્રિયા પૂર્ણ થઈ છે અને ફિલ્મને સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન દ્વારા યુએ સર્ટિફિકેટ આપવામાં આવ્યું છે. સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, ''કોઈ ખાસ ફેરફાર કે સુચનો વિના જ સેન્સર બોર્ડના સભ્યો દ્વારા ફિલ્મને પાસ કરી દેવાઈ છે. આ ફિલ્મનો ફાઈનલ રન ટાઈમ ૨ કલાકને ૫૩ મિનિટ એટલે કે ૧૭૩ મિનિટ છે, જેમાં ક્રેડિટ સીક્વન્સનો સમાવેશ થતો નથી, તેને થોડાં વખત પછી સર્ટિફાઈડ કરવામાં આવશે.'' સુત્રએ આગળ જણાવ્યું કે સેન્સર બોર્ડના સભ્યો આ ફિલ્મથી ઘણા ખુશ છે, તેના કારણે એવી પણ આશા છે કે લોકોને આ ફિલ્મ પણ ઘણી પસંદ પડશે.સુત્રએ આગળ જણાવ્યું, ''યશરાજની પહેલાં આવેલી સ્પાય યુનિવર્સની ફિલ્મ 'પઠાણ' અને 'ટાઈગર ૩'ની જેમ આ ફિલ્મમાં પણ ક્રેડિટ પછી એક મોટો સીન જોવા




મળશે. તે પણ ક્રેડિટના નામ પછી પાછળથી ઉમેરાશે. જોકે, આ સીન બધાથી છુપાવીને રખાયો છે, ફિલ્મના મહત્વના લોકો સિવાય કોઈ આ અંગે જાણતા નથી.'' 'વૉર ૨' યશરાજ સ્પાય યુનિવર્સની સૌથી લાંબી ફિલ્મ હશે, આ યુનિવર્સ ૨૦૧૨માં 'એક થા ટાઈગર'થી શરૂ થયું છે. આ ફિલ્મનો રન ટાઈમ ૨ કલાક ૫૩ મિનિટ છે. 'એક થા ટાઈગર'નો રન ટાઈમ ૨ કલાક ૧૨ મિનિટ, 'ટાઈગર ઝીંદા હૈ' ૨ કલાક ૧૨ મિનિટ, 'વૉર' ૨ કલાક ૩૪ મિનિટ, 'પઠાણ' ૨ કલાક ૨૬ મિનિટ તેમજ 'ટાઈગર ૩'નો રન ટાઈમ ૨ કલાક ૩૬ મિનિટનો હતો. આમ આ ફિલ્મ સ્પાય યુનિવર્સની સૌથી લાંબી ફિલ્મ હશે.આ ફિલ્મમાં રિતિક રોશન ને જુનિયર એનટીઆર સાથે કિઆરા અડવાણી પણ છે. યશરાજના સ્પાય યુનિવર્સનું આ છઠ્ઠું પ્રકરણ છે. તેમાં ૭ મોટી સિક્વન્સ જોવા મળે છે, જે ઈન્ટરનેશનલી જાણીતી દ્વારા કોરિયોગ્રાફ કરવામાં આવી છે. તેમાં પણ રિતિક રોશનની એન્ટ્રીની સિક્વન્સ સાથે જુનિયર એનટીઆર સાથે પાઈરેટ ફાઈટની સિક્વન્સ દર્શકો માટે સૌથી મોટું આકર્ષણ રહેશે. આ ફિલ્મ વિશે સેન્સર બોર્ડના સભ્યોને લાગે છે કે 'વૉર ૨' ૧૫ ઓગસ્ટના વીકેન્ડ માટે એક પર્ફેક્ટ ફિલ્મ છે, જે દુનિયાભરના દર્શકોને 'ઈન્ડિયા ફર્સ્ટ'નો સંદેશ આપશે.

## રાજકારણ ગરમાયું

# ભાજપના પૂર્વ પ્રવક્તાને હાઈકોર્ટના જજ બનાવવાની ભલામણ થતાં જ હોબાળો

**મહારાષ્ટ્રમાં વિપક્ષ એનસીપીના ધારાસભ્ય અને પાર્ટી સચિવ રોહિત પવારે સાઠેની ભલામણ પર સવાલ ઉઠાવ્યો**

નવી દિલ્હી, તા.૬

સુપ્રીમ કોર્ટ કોલેજિયમ દ્વારા ગત મહિને ૨૮ જુલાઈના રોજ દિલ્હી, મુંબઈ, કોલકાતા અને કર્ણાટક સહિત છ જુદી-જુદી હાઈકોર્ટમાં જસ્ટિસના પદ માટે અનેક વકીલો અને ન્યાયિક અધિકારીઓના નામની ભલામણ કરવામાં આવી છે. દેશના ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા બી.આર. ગવઈના નેતૃત્વ હેઠળ ત્રણ સભ્યોની કોલેજિયમે બોમ્બે હાઈકોર્ટના જજ માટે ત્રણ સોલિસિટર આરતી અરૂણ સાઠે, અજિત ભગવાનરાવ કડેથાંકર અને સુશીલ મનોહર ઘોડેશ્વરની ભલામણ કરી હતી. જેમાં આરતી અરૂણ સાઠેના નામ પર વિવાદ સર્જાતા રાજકારણ ગરમાયું છે.

મહારાષ્ટ્રમાં વિપક્ષ એનસીપી (શરદ પવાર જૂથ)ના ધારાસભ્ય અને પાર્ટી સચિવ રોહિત પવારે મંગળવારે સાઠેની ભલામણ પર સવાલ ઉઠાવ્યો હતો. તેમણે કહ્યું કે, ન્યાયપાલિકા સ્વતંત્ર અને નિષ્પક્ષ હોવી જોઈએ. સાઠે શાસક પક્ષ ભાજપ સાથે જોડાયેલા હતા અને પક્ષના પ્રવક્તા પણ હતાં. આ અંગે માહિતી આપતાં પવારે એક સ્ક્રિનશોટ પણ પોસ્ટ કર્યો હતો. NCP ધારાસભ્ય પવારે સાઠેના નામની ભલામણનો વિરોધ કરતાં કહ્યું કે, જે વ્યક્તિ જાહેર મંચ પરથી શાસક પક્ષને ટેકો આપી રહી છે તેની હાઈકોર્ટમાં ન્યાયાધીશ તરીકે નિમણૂક લોકશાહી માટે સૌથી મોટો ફટકો છે... ન્યાયાધીશનું પદ અત્યંત જવાબદારીનું પદ છે. તે નિષ્પક્ષ રહેવું જોઈએ. જ્યારે શાસક પક્ષના કોઈ વ્યક્તિને ન્યાયાધીશ તરીકે નિયુક્ત કરવામાં આવે છે, ત્યારે તે નિષ્પક્ષતા અને લોકશાહી પ્રક્રિયા પર ગંભીર પ્રશ્નો ઉભા કરે છે. તેઓ સાઠેની લાયકાત સામે વાંધો ઉઠાવી રહ્યા નથી. પવારે માંગ કરી હતી કે ન્યાયાધીશ તરીકે સાઠેના નામની ભલામણ પર પુનર્વિચાર કરવો જોઈએ. ચીફ જસ્ટિસે પણ આ મામલે માર્ગદર્શન આપવું જોઈએ.

બીજી તરફ, મહારાષ્ટ્ર ભાજપે રોહિત પવારના આરોપોને પાયાવિહોણા ગણાવ્યા છે અને કહ્યું છે કે સાઠેને ન્યાયાધીશ બનાવવાની ભલામણ નિર્ધારિત માળખામાં યોગ્યતાના આધારે કરવામાં આવી છે. રાજ્ય ભાજપ મીડિયા સેલના પ્રભારી નવનાથ બાને જણાવ્યું હતું કે, આરતી સાઠેએ થોડા વર્ષો પહેલા જ ભાજપના પ્રવક્તા પદ પરથી રાજીનામું આપી દીધું હતું. હવે તેમનો પક્ષ સાથે કોઈ સંબંધ નથી. તેથી, હાઈકોર્ટના ન્યાયાધીશ તરીકે તેમની લાયકાત પર પ્રશ્ન ઉઠાવવાનું કોઈ કારણ નથી.

બોમ્બે હાઈકોર્ટના વકીલ આરતી અરૂણ સાઠે મુંબઈ ભાજપ લીગલ સેલના પ્રમુખ હતા. ફેબ્રુઆરી, ૨૦૨૩માં મહારાષ્ટ્ર ભાજપના પ્રવક્તા તરીકે નિમણૂક થઈ હતી. જો કે, સાઠેએ વર્ષમાં જ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ વ્યક્તિગત અને વ્યવસાયિક કારણોનો હવાલો આપતાં આ પદ પરથી રાજીનામું આપી દીધુ હતું. ત્યારબાદ તેમણે ૬ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ પક્ષના પ્રાથમિક સભ્ય પદ અને મુંબઈ ભાજપ લીગલ સેલના પ્રમુખ પદ પરથી પણ રાજીનામું આપ્યું હતું.

## લગ્ન સાચા છે કે નહીં તેના વ્યાપક પુરાવા આપવા પડશે

# અમેરિકાએ લગ્ન આધારિત ગ્રીનકાર્ડના નિયમો આકરા બનાવ્યા

**યુએસ એટર્નીની ઓફિસે તાજેતરમાં જણાવ્યું હતું કે મે ૨૦૨૫માં ભારતીય નાગરિક આકાશ પ્રકાશ મકવાણાએ લગ્ન છેતરપિંડીનો ગુનો કબૂલ્યો હતો**

વોશિંગ્ટન, તા.૬

અમેરિકાએ ફેમિલી અને ખાસ કરીને લગ્નને આધારે આપવામાં આવતા ગ્રીનકાર્ડના નિયમોને વધુ આકરા બનાવ્યા છે. નવા નિયમો મુજબ વાસ્તવિક લગ્નોના વધુ વ્યાપક પુરાવા ફરજિયાત બનાવાયા છે, જેમાં ફોટોગ્રાફ્સ, નાણાકીય દસ્તાવેજો અને પરિચિતો પાસેથી સોગંદનામાનો સમાવેશ થાય છે. સંબંધની પ્રામાણિકતા ચકાસવા માટે દંપતિનો આકરા ઈન્ટરવ્યુ પણ લેવામાં આવશે. આ નિર્ણયથી ભારતીયોને મુશ્કેલી પડી શકે છે.યુએસ સિટિઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસીસ એ પરિવાર આધારિત ઈમિગ્રન્ટ વિઝા અરજીઓમાં ખાસ કરીને મેરિજ ળોડને ટાર્ગેટ કરીને તેની પોલિસી મેન્યુએનલમાં નવા નિયમોનો ઉમેરો કર્યો છે. પોલિસી મેન્યુએલમાં 'પરિવાર-આધારિત ઈમિગ્રન્ટ્સ' નામનું મહત્ત્વનું અપડેટ પહેલી ઓગસ્ટે જારી કરાયું હતું. તેનાથી સાચા સંબંધો હશે અને ખાસ કરીને વાસ્તવિક લગ્ન કરવામાં આવ્યા હશે તો જ કાયમી ધોરણે રહેવાનો હક અથવા ગ્રીન કાર્ડ મળશે. જો બનાવટી લગ્નો હશે તો તેમની સામે કાર્યવાહી કરાશે. આ પગલાનો હેતુ ળોડ અરજીઓને રોકવાનો અને ઈમિગ્રેશન પ્રક્રિયાની વિશ્વસનીયતાને મજબૂત બનાવવાનો છે. USCISએ જણાવ્યું હતું કે ઈમિગ્રેશન હેતુઓ માટે દર્શાવવામાં આવેલા પારિવારિક સંબંધો સાચા છે કે ખોટો તેનું સંપૂર્ણ વેરિફિકેશન કરાશે. USCIS એ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે રાષ્ટ્રીય સુરક્ષા સામેના જોખમોથી અમેરિકનને બચાવવા માટે તે મજબૂત સ્ક્રીનિંગ અને ચકાસણી કરશે. તે સંભવિત હાનિકારક ઈરાદા ધરાવતા વિદેશીઓને શોધી કાઢશે અને અમેરિકામાંથી તેમની હકાલપટ્ટી કરશે. બનાવટી લગ્નને આધારે અમેરિકા આવ્યા હોય તેવા કેટલાંક ભારતીયોના કેસો નોંધાયા છે. યુએસ એટર્નીની ઓફિસે તાજેતરમાં જણાવ્યું હતું કે મે 2025માં ભારતીય નાગરિક આકાશ પ્રકાશ મકવાણાએ લગ્ન છેતરપિંડીનો ગુનો કબૂલ્યો હતો. તેને યુએસ નાગરિક સાથે નકલી લગ્ન ગોઠવ્યા હતાં. યુએસસીઆઈએસ કોઈ પણ અમેરિકન નાગરિક દ્વારા અલગ અલગ જીવનસાથી માટે બહુવિધ અરજીઓ અથવા એક જ લાભાર્થી માટે અગાઉની અરજીઓની તપાસ કરશે. વધુમાં અગાઉના અહેવાલ મુજબ, યુએસ નાગરિક અથવા ગ્રીન કાર્ડ ધારક સાથે લગ્ન કરવાથી હવેથી ગ્રીન કાર્ડ મળી જશે તેની કોઈ ગેરંટી નથી. ઈમિગ્રેશન ઈન્ટરવ્યુ હવે વધુ કડક બનાવાયું છે. અધિકારીઓ વાસ્તવિક સંબંધના વધુ પુરાવાની માંગણી કરશે.

# LRDની લેખિત પરીક્ષામાં હાજર રહેનારા ઉમેદવારોના ગુણ જાહેર

**ઉમેદવારો બોર્ડની સત્તાવાર વેબસાઈટ virtualview.co.in પર જઈને પોતાના રોલનંબર, કન્ફર્મેશન નંબર અને જન્મ તારીખ નાખીને ગુણ જોઈ શકશે**

અમદાવાદ,તા.૬

ગુજરાતમાં પોલીસ ભરતીને લઈને મહત્ત્વના સમાચાર સામે આવ્યા છે. રાજ્યમાં લોકરક્ષક કેડરની ૧૨૦૦૦ જેટલી જગ્યા માટે ગત ૧૫ જૂન, ૨૦૨૫ના રોજ ૨.૩૭ લાખથી વધુ ઉમેદવારોએ લેખિત પરીક્ષા આપી હતી. ૩૦ જૂને ભરતી બોર્ડે લેખિત પરીક્ષાની ફાઈનલ આન્સર કી જાહેર કરી હતી. જ્યારે આજે (૬ ઓગસ્ટ) લોકરક્ષક કેડરની લેખિત પરીક્ષામાં હાજર રહેલા ઉમેદવારોના ગુણ જાહેર કરવામાં આવ્યા છે. ગુજરાત પોલીસ ભરતી બોર્ડે LRDની લેખિત પરીક્ષામાં હાજર રહેનારા ઉમેદવારોના ગુણ જાહેર કર્યા છે. જેમાં ઉમેદવારો બોર્ડની સત્તાવાર વેબસાઈટ virtualview.co.in પર જઈને પોતાના રોલનંબર, કન્ફર્મેશન નંબર અને જન્મ તારીખ નાખીને ગુણ જોઈ શકશે.

બોર્ડે ઉમેદવારોને પોતાના ગુણ ચકાસણી (રીચેકીંગ) માટે ૧૫ દિવસનો સમય આપ્યો છે. જેમાં જે ઉમદવારો પોતાના લખિત પરીક્ષાની OMR Sheª નું રિચકિંગ કરાવવા ઈચ્છતા હોય તેમને રૂ.૫૦૦નો ફી ચૂકવવાની રહેશે.

## વર્તમાન સંજોગોને ધ્યાનમાં રાખીને નિર્ણય લેવામાં આવ્યો

# RBIએ યથાવત રાખ્યો રેપો રેટ, હોમ લોનના વ્યાજ દરમાં નહીં થાય ઘટાડો

**RBI રેપો રેટ ૫.૫૦ ટકા પર રહેશે : જોકે, ઘણા સર્વેમાં આ આગાહી કરવામાં આવી હતી : ચાલુ વર્ષે RBI એ રેપો રેટમાં ૧ ટકાનો ઘટાડો કર્યો છે**

નવી દિલ્હી, તા.૬

ભારતીય રિઝર્વ બેન્કની મોનેટરી પોલિસી કમિટીએ ઓગસ્ટની પોલિસી બેઠકમાં આવો જ નિર્ણય લીધો છે. સતત ત્રણ વખત વ્યાજ દર ઘટાડ્યા પછી RBI MPC એ આ વખતે દર ઘટાડાને સ્થિર કરવાનો નિર્ણય લીધો છે. વાસ્તવમાં ટ્રમ્પે જે રીતે ભારત પર ટેરિફ લાદ્યા છે અને ટેરિફ વધારવાની ધમકી આપી રહ્યા છે. તેની સ્પષ્ટ અસર નીતિગત નિર્ણયોમાં જોવા મળી હતી. જોકે, ચાલુ કેલેન્ડર વર્ષમાં RBI MPC એ પહેલાથી જ નીતિગત દરમાં એક ટકાનો ઘટાડો કર્યો છે. જૂન મહિનામાં વ્યાજદરમાં ૦.૫૦ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો હતો. ત્યારબાદ એવી અપેક્ષા રાખવામાં આવી હતી કે ઓગસ્ટની નીતિગત બેઠકમાં RBI વ્યાજદરમાં કોઈ ફેરફાર કરશે નહીં. RBI MPC એ નીતિગત બેઠકમાં કયા પ્રકારના નિર્ણયો લીધા છે?

RBI MPCના નિર્ણયોની જાહેરાત કરતા RBI ગવર્નર સંજય મલ્હોત્રાએ કહ્યું હતું કે રેપો રેટમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. આનો અર્થ એ થયો કે RBI રેપો રેટ ૫.૫૦ ટકા પર રહેશે. જોકે, ઘણા સર્વેમાં આ આગાહી કરવામાં આવી હતી. ચાલુ વર્ષે RBI એ રેપો રેટમાં ૧ ટકાનો ઘટાડો કર્યો છે. અગાઉ, RBI ગવર્નરે ફેબ્રુઆરી મહિનામાં રેપો રેટમાં ૦.૨૫ ટકાનો ઘટાડો કર્યો હતો. એપ્રિલ મહિનામાં પણ RBI MPC એ વ્યાજ દરમાં ૦.૨૫ ટકાનો ઘટાડો કર્યો હતો. જૂન પોલિસી મીટિંગમાં RBI એ વ્યાજ દરમાં ૦.૫૦ ટકાનો મોટો ઘટાડો કરીને બધાને આશ્ચર્યચકિત કર્યા હતા. આ વખતે બહુ ઓછા લોકો રેટમાં ઘટાડા વિશે વાત કરી રહ્યા હતા. મોટાભાગના નિષ્ણાતો માનતા હતા કે RBI MPC વ્યાજ દરમાં કોઈ ફેરફાર કરશે નહીં. સંજય મલ્હોત્રાએ કહ્યું હતું કે વર્તમાન સંજોગોને ધ્યાનમાં રાખીને નાણાકીય નીતિ સમિતિએ રેપો રેટ સ્થિર રાખવાનો નિર્ણય લીધો છે. તેમણે કહ્યું કે દેશમાં ચોમાસુ સારી રીતે આગળ વધી રહ્યું છે, જે અર્થતંત્રને વેગ આપશે. આ સાથે ભારતીય રિઝર્વ બેંકે SDF (સ્ટેન્ડિંગ ડિપોઝિટ ફેસિલિટી) રેટને ૫.૨૫ ટકા પર સ્થિર રાખવાની પણ જાહેરાત કરી છે. આ ઉપરાંત એમએસએફ (માર્જિનલ સ્ટેન્ડિંગ ફેસિલિટી) દરને કોઈપણ ફેરફાર વિના ૫.૭૫ ટકા પર સ્થિર રાખવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે. હોમ લોન અને ઓટો લોનધારકોને વ્યાજના દર યથાવત રાખવાનો લાભ થયો છે. રેપો રેટમાં આરબીઆઈએ અગાઉ ૧૦૦ બેઝિસ પોઈન્ટનો ઘટાડો કર્યો હોવાથી નીચા ધિરાણ દરો પર લોન મેળવી રહ્યા છે. જેથી તહેવારોમાં ખિસ્સા પર કોઈ વધારાનો બોજો પડશે નહીં.

# ભૈ વાહ : શ્રીમતી એસ.એચ. ગજેરા કેમ્પસના કરાટે ગેમના ખેલાડીઓનો નેશનલ કક્ષાએ ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેડલ સાથે દબદબો






અમરેલી તારીખ ૨ ઓગષ્ટ૨૦૨૫નારોજ ૧૯th WKFI ઈન્ડિપેન્ડન્સ નેશનલ કરાટે ચેમ્પિયનશિપ ૨૦૨૫ સ્પર્ધાનું આયોજન લુણાવાડા ગુજરાત ખાતે થયું હતું, આ પ્રતિસ્પર્ધામાં દેશના વિવિધ રાજયમાંથી શાળાઓના પ્રતિભાશાળીખેલાડીઓએભાગલીધો હતો. જેમાં શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરાસ્કૂલ અને શ્રીમતી ચંપાબેન વસંતભાઈ ગજેરા સ્કૂલ તેમજ જ્ઞાનશકિત રેસીડેન્સીયલ સ્કૂલ ઓફ એકસેલન્સના હોનહાર સ્પર્ધકો દ્વારા પાર્ટિસિપેશન કરવામાં આવેલ. જેમાં શ્રીમતિ એસ.એચ. ગજેરા કેમ્પસના કરાટે ખેલાડીઓએ ફરી એકવાર પોતાની પ્રતિભા અને દમખમ સાબિત કરતાં રાષ્ટ્રીય સ્તરે ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેડલ જીતીને સંસ્થા માટે ગૌરવના પળો સર્યા છે, સ્પર્ધકોએ પોતાની પ્રતિભા અને કઠિન મહેનતથી ટોપ–થીમાં સ્થાન મેળવ્યું છે. જેમાં ૧) પરમાર દેવરાજ, ૨) ચૌહાણ શ્રેયા –ગોલ્ડ મેડલ, ૧) ડોંડા મંથન, ૨) દવે દિશા, ૩) સોલંકી વંદન, ૪) બારૈયા પરી, ૫) ઝા મહાલક્ષ્મી – સિલ્વર મેડલ અને ૧) ધાધલ મનદીપ, ૨) વામજા કૃપાલ, ૩) સવાલિયા વૃષ્ટિ, ૪) ગોલાણી ઉર્વીશા – બ્રોન્ઝ મેડલ મેળવેલ હતું. અનુભવી તજજ્ઞો દ્વારા શિક્ષણ કાર્ય તેમજ વિદ્યાર્થીઓએ રમત–ગમત ક્ષેત્રે સતત અનુભવી કોચ દ્વારા પ્રશિક્ષણ મેળવી સિદ્ધિઓ પ્રાપ્ત કરેલ છે તે બદલ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ. મંત્રી મનસુખભાઈ ધાનાણી તેમજ કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ સ્પર્ધકો અને કોચ ભેડા વિકુશભાઈને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## જિલ્લાના ખેડુતોને એગ્રીસ્ટેક રજિસ્ટ્રી પોર્ટલ પર નોંધણી કરવા અનુરોધ

અમરેલી, તા. ૬

ફાર્મર રજિસ્ટ્રી બાકી છે. તેવા અમરેલી જિલ્લાના ખેડૂતોને https;//gifr.agristack.goc.in/farmer-registry-gi/# વેબસાઈટ પર જાતે જ એકદમ સરળતાથી નોંધણી કરી શકે છે.

ઉલ્લેખનીય છે કે, તા. ૧/૧/૨૦૨૫થી ફાર્મર આઈડી ફરજિયાત કરવામાં આવ્યું છે. જિલ્લામાં ખેતીની જમીન ધરાવતા તમામ ખેડૂત ખાતેદારો કે જમીન રેકોર્ડ ૮–અ/૭–૧૨માં ખેડૂત તરીકે નામ ધરાવતા હોય અથવા જે જમીનધારક ખેડૂતો જિલ્લામાં હાલ વસવાટ કરે છે અથવા બહાર રહેતા હોય તેવા તમામ ખેડૂત ભાઈ–બહેનોએ ફાર્મર આઈડી મેળવવાની પ્રક્રિયા કરવી, આ માટે ફાર્મર રજિસ્ટ્રી પોર્ટલ પર નોંધણી કરવી આવશ્યક છે.

ગ્રામ પંચાયત ખાતે ખેડૂતો રૂબરૂ જઈને અથવા નજીકના કોઈપણ C.S.C સેન્ટર પરથી પણ આ રજિસ્ટ્રેશન કરાવી શકશે. ખેડૂતોએ રજિસ્ટ્રેશન માટે પોતાના આધાર કાર્ડ સાથે લીંક મોબાઈલ નંબર અને ૮–અ નકલ, ૭–૧૨ નકલની વિગત સાથે ગ્રામ પંચાયત કેઈ–ગ્રામ સેન્ટર કે કોમન સર્વિસ સેન્ટર ખાતે હાજર રહીને કરાવવી, આ રજિસ્ટ્રેશન પ્રક્રિયા તદ્દન વિનામૂલ્યે છે.

રજિસ્ટ્રેશન માટે ગ્રામ્ય કક્ષાએ સંબંધિત ગ્રામ પંચાયત કચેરીના વિલેજ કમ્પ્યુટર એન્ટરપ્રેન્યોર (વિ.સી.ઈ.) કે કોઈપણ કોમન સર્વિસ સેન્ટર (સી.એસ.સી.) કે તલાટી કમ મંત્રીનો સંપર્ક પણ કરી શકાય છે. શહેર વિસ્તાર માટે સિટી તલાટીનો સંપર્ક કરીને ડેટા એન્ટ્રી ઓપરેટર મારફત રજિસ્ટ્રેશન કરવું.

ફાર્મર રજિસ્ટ્રી હેઠળ ખેડૂતોને ડિજીટલ પ્લેટફોર્મ મારફત સરકારના કૃષિ ધિરાણ કે કે.સી.સી. લોન સહિત તમામ વિવિધ યોજનાકીય લાભો અને માર્કેટ સંબંધિત જાણકારી મેળવવાનું સરળ થશે.

આ અંગે વધુ વિગતો માટે ખેડૂતોએ ગામના તલાટી કમ મંત્રી/સીટી તલાટી (કસ્બા તલાટી) તેમજ તાલુકા કક્ષાએ તાલુકા વિકાસ અધિકારી, મામલતદારનો સંપર્ક કરવો, તેમ અમરેલી જિલ્લા ખેતીવાડી અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૭૯૫ | ૧૦૨૧ |
| ૨ | શિંગ મોટી | ૭૫૫ | ૧૦૫૨ |
| ૩ | શિંગદાણા | ૧૧૭૫ | ૧૪૬૦ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૮૯૫ | ૧૪૩૫ |
| ૫ | તલ સફેદ | ૧૦૭૦ | ૨૧૯૦ |
| ૬ | તલ કાળા | ૨૩૦૦ | ૪૧૧૫ |
| ૭ | તલ કાશ્મીરી | ૧૧૩૦ | ૨૧૯૫ |
| ૮ | બાજરો | ૩૬૮ | ૩૬૮ |
| ૯ | જુવાર | ૭૦૨ | ૭૦૨ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૭૬ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૧૦ | ૫૭૮ |
| ૧૨ | મગ | ૯૦૦ | ૧૫૫૧ |
| ૧૩ | અડદ | ૧૦૦૦ | ૧૩૯૫ |
| ૧૪ | ચણા | ૯૦૦ | ૧૧૯૪ |
| ૧૫ | ચણા દેશી | ૧૨૦૫ | ૧૨૦૫ |
| ૧૬ | સફેદ ચણા | ૧૧૨૦ | ૧૧૮૨ |
| ૧૭ | છોલે ચણા | ૧૭૪૦ | ૧૭૪૦ |
| ૧૮ | ચોળી | ૪૦૦ | ૯૫૦ |
| ૧૯ | તુવેર | ૧૦૮૫ | ૧૨૩૫ |
| ૨૦ | કપાસ | ૯૧૦ | ૧૬૮૯ |
| ૨૧ | એરંડા | ૧૨૦૦ | ૧૨૪૯ |
| ૨૨ | જીરૂ | ૨૮૦૩ | ૩૪૭૦ |
| ૨૩ | ગમ ગુવાર | ૬૦૦ | ૮૨૫ |
| ૨૪ | ધાણી | ૧૨૨૦ | ૧૩૭૫ |
| ૨૫ | અજમા | ૧૦૦૦ | ૧૫૬૫ |
| ૨૬ | મેથી | ૬૦૦ | ૮૨૫ |
| ૨૭ | સોયાબીન | ૭૧૧ | ૯૧૮ |
| ૨૮ | વરીયાળી | ૭૦૦ | ૭૦૦ |
| ૨૯ | કાંગ | ૪૭૦ | ૪૭૦ |

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલીની ''અમર ડેરી''ની ચૂંટણીમાં**

પ્રવિણભાઈ માંગરોળીયાએ દરખાસ્ત કરેલ અને ધર્મેન્દ્રભાઈ જોષીએ ટેકો આપેલ. જયારે મુકેશભાઈ સંઘાણીનું ફોર્મમાં દિલીપભાઈએ દરખાસ્ત કરેલ અને અશ્વિનભાઈ સાવલીયાએ ટેકો આપેલ. જયારે અન્ય ફોર્મ ઉમેદવાર તરીકે રાજેશભાઈ માંગરોળીયા, અરૂણભાઈ પટેલ (બુટાણી), કમલેશભાઈ સંઘાણી, ચંદુભાઈ રામાણી, રેખાબેન કાકડીયા, ઠાકરશીભાઈ શિયાણી, ભાવનાબેન ગોંડલીયા, અરૂણાબેન માલાણી, ભાનુબેન જયંતિભાઈ બુહા, ભાવનાબેન સતાસીયા, જયાબેન રામાણી, રામજીભાઈ કાપડીયાએ અલગ–અલગ વિભાગોમાંથી પોતાના ફોર્મ રજુ કરેલ. જયારે દરખાસ્ત કરનાર અને ટેકા આપનાર પ્રવિણભાઈ માંગરોળીયા, બાબુભાઈ સખવાળા, સંજયભાઈ વાગડીયા, મયુરભાઈ હિરપરા, જેઠુરભાઈ કોઠીવાળ, ચતુરભાઈ ભુવા, સંજયભાઈ સોરઠીયા, અનિલભાઈ પાનશેરીયા સહિતનાએ પ્રક્રિયામાં ભાગ લીધેલ.

આ તકે સહકારી અગ્રણી દિલીપ સંઘાણી, જુનાગઢ ડેરીના પૂર્વ ચેરમેન રામસિંહભાઈ ભેટરીયા, અગ્રણી કાર્યકર ભગવાનભાઈ ભુવા, અમર ડેરી ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા, પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયા, મુકેશભાઈ સંઘાણી, અમરેલી જીલ્લા ભાજપ પૂર્વ પ્રમુખ દિનેશભાઈ પોપટ, ખરીદ વેંચાણ સંઘના પ્રમુખ જયંતિભાઈ પાનસુરીયા સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહયા હતા તેમ અખબારી યાદીના અંતમાં જણાવાયેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું **પતિએ પોતાના આડા સબંધમાં**

દેસાઈએ જણાવ્યું કે, અમરેલી તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં વાંકીયા ગામમાં ૬ જુનના રોજ એક હત્યાનો ગુનો નોંધાયો હતો. જેમાં રેખાબેનને તેમના જ પતિ સંજયે ગળું દબાવી હત્યા કરી હતી. જેતે સમયે આરોપી સંજયે જણાવ્યું હતું કે તેમની પત્ની રેખાને કોઈ સાથે પ્રેમ સંબંધ હોય, તે ઈન્સ્ટાગ્રામમાં કોઈ સાથે વાત કરતા પકડાઈ ગઈ હતી ત્યારબાદ ઘરે ઝગડો થયો હતો જેથી આવેશમાં આવી તેની હત્યા કરી હતી.

તપાસમાં આવા કોઈ પુરાવા મળ્યા ન હતા. તેમણે વધુમાં જણાવ્યું કે, ટેકિનકલ એનાલિસિસથી તપાસ શરૂ કરતા પત્ની રેખાબેન પોતે મોબાઈલ રાખતા ન હતા. સંજયભાઈ પાસે એક જ મોબાઈલ હતો જેમાં ૨ શંકાસ્પદ નંબરો મળ્યા હતા. જેમાં એક નંબરમાં પતિ આરોપી સંજય કોઈ યુવતી સાથે વાત કરતો હતો. જેમાં ઊંડાણપૂર્વક તપાસ કરતા નરેશ નામના વ્યકિતના નામે સિમ લીધું હતું તે કોઈ યુવતીને વાપરવા માટે આપ્યું હતું.

તપાસ દરમિયાન પોલીસને સાચી હકીકત જાણવા મળી હતી કે છોકરી સાથે વાત કરતા આરોપી સંજય પકડાઈ ગયો હતો. તેમની પત્ની રેખાબેનને આ વાતની ખબર પડી ગઈ હતી જેથી ઝગડો થયો હતો. ત્યારબાદ સંજયે આવેશમાં આવીને તેની પત્નીની હત્યા કરી હતી. તપાસ દરમિયાન આ સાચી હકીકત જાણવા મળી છે. ત્યારે તપાસ દરમિયાન ટેકિનકલ પુરાવા મળ્યા ન હોવાના કારણે તાલુકા પીઆઈએ ફરીથી રીમાન્ડ મેળવી સાચી હકીકત બહાર લાવ્યા છે.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૧૦ | ૧૧૧૧ |
| ૨ | શીંગ મોટી | ૯૭૫ | ૧૦૯૫ |
| ૩ | શીંગ દાણા | ૧૧૦૦ | ૧૩૯૦ |
| ૪ | તલ સફેદ | ૧૪૫૦ | ૧૯૫૧ |
| ૫ | તલ કાળા | ૩૧૦૦ | ૩૯૮૫ |
| ૬ | જીરૂ | ૩૫૦૧ | ૩૬૦૦ |
| ૭ | કપાસ | ૧૨૦૧ | ૧૬૫૦ |
| ૮ | ઘઉં લોકવન | ૪૦૦ | ૫૩૫ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૬૦ |
| ૧૦ | બાજરો | ૩૫૦ | ૫૦૦ |
| ૧૧ | જુવાર | ૫૦૦ | ૬૮૦ |
| ૧૨ | મગ | ૧૩૦૦ | ૧૫૦૦ |
| ૧૩ | અડદ | – | ૧૨૦૦ |
| ૧૪ | ચણા | ૧૦૦૦ | ૧૧૮૦ |
| ૧૫ | તુવેર | ૧૦૦૦ | ૧૨૮૦ |
| ૧૬ | ધાણા | ૧૦૦૦ | ૧૨૧૦ |

પાના ૮ ઉપરનું ચાલું **સાવરકુંડલામાં ખાતર, વીજળી સહિતનાં**

જસુભાઈ ખુમાણ, અનિભાઈ ધામેલીયા, સેવા દળ પ્રમુખ હસુભાઈ બગડા, હિતેશ સરૈયા, દીપકભાઈ સભાયા, મહેશભાઈ ચોડવડીયા, જીગ્નેશભાઈ બગડા, નાસીરભાઈ ચૌહાણ, વિપુલભાઈ ઉનાવા, અશોકભાઈ ખુમાણ, વનરાજભાઈ ખંઢેલા યુથ કોંગ્રેસ, જયંતીભાઈ કલાણીયા સરપંચ ગાધકડા તેમજ લીલીયા કોંગ્રેસ સમિતિ નાં આગેવાનો તેમજ કાર્યકરતા મિત્રો, વડીલો, ખેડૂતો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા અને આવેદનપત્ર પાઠવામાં આવેલ હતું. જેમાં ખેડૂતોને વાચા અને ન્યાય માટે મુદ્દાઓ ઉઠાવેલ હતા અને ખેડૂતોનાં ન્યાયના હિતમાં લડતનાં મંડાણ કરવામાં આવેલ.

(૧) ગુજરાત રાજયનાં ખેડુતો અતિ મુશ્કેલીમાં પીડાઈ રહ્યાં છે. કેન્દ્ર સરકારે વાહ–વાહી લુંટવા માટે રૂા. ૫.૦૦ લાખ 0% વ્યાજે આપવાની જાહેરાત કરેલ છે તેના અનુસંધાને જે ખેડુતોને રૂા. ૫.૦૦ લાખ મેળવેલ છે તેમની પાસેથી રૂા. ૨.૦૦ લાખ પરત લેવામાં આવે છે. રાજય સરકાર તરફથી આવો કોઈ પરીપત્ર ન હોવાને કારણે કશું કરી શકાતું નથી. તો આ અંગે તાત્કાલીક અસરથી રાજય સરકાર, કેન્દ્ર સરકાર પરીપત્ર કરે. (૨) ૨૦૨૪ માં અતિવૃષ્ટિમાં ખેડુતોને રાજય સરકારે વળતર ચુકવવાની જાહેરાત કરી હતી પરંતુ તે ડીંડક સાબીત થયેલ છે. એકપણ ખેડુતને સહાય મળેલ નથી અને ચાલુ સિઝનમાં અતિવૃષ્ટિના કારણે અનેક ખેડુતોએ વાવણી કર્યા પછી પાક તણાઈ ગયો, ખેતરનું ધોવાણ, શેઢા પાળાનું ધોવાણ તેમજ તંત્ર તરફથી દંડ વસુલ લેવામાં આવે છે. આ બાબતે સરકારે જાહેરાત કરી છે પરંતુ પોર્ટલ ન ખુલવાને કારણે કોઈ ખેડુત ફોર્મ ભરી શકતા નથી. તેવા સંજોગોમાં કોઈપણ જાતનાં સર્વે વગર ખેડુતો પોતાને થયેલ નુકસાનીની અરજી કરે તો તેઓને તાત્કાલીક અસરથી વળતર ચુકવવું જોઈએ તેવી અમારી માંગણી કરવામાં આવેલ. (૩) ખેડુતોને પાયાનું ખાતર ન મળવાને કારણે કુદરતી વરસાદ સારો હોય તો પણ પાક મેળવી શકશે કે કેમ? તેની પણ શંકા છે. હાલ સતત વરસાદના કારણે યુરીયા નાખવું જોઈએ તે પણ મળતું નથી. ખેડુતો પરેશાન થઈ રહ્યાં છે, સવારમાં ઉઠીને લાઈનમાં ઉભા રહીને સાંજે યુરીયા ન મળવાને કારણે ઘરે પરત જાય છે. આવી ચિંતામાં ખેડુતોમાં આત્મવિલોપન વધશે તેવી દહેશત છે. તેથી તાત્કાલીક ખેડુતોને ખાતર આપવામાં આવે તેવી માંગણી છે. ડબલ એન્જીન વાળી સરકાર ખેડુતોની ડબલ આવક કરવાની વાતો કરી માત્ર વાહ–વાહી લુંટી રહી છે ખરેખર ખેડુતો પ્રત્યે કશું કરતી નથી. તો તુર્તજ રાજયના કૃષિ મંત્રી અને મુખ્યમંત્રી આ બાબતે માત્ર જાહેરાત નહી પરંતુ કોઈ પેકેઝ જાહેર કરી ખેડુતો સુધી તાત્કાલીક પહોંચાડે. (૪) કમોસમી વરસાદથી ચાલુ વર્ષના મે મહિનામાં ખેડૂતોને ઉનાળુ પાક જેવા કે ડુંગળી, મગ, અડદ, તલ, બાજરી અને બાગાયતી પાકોમાં પારાવાર મોટાપાયે નુકસાન થયેલ જેનું સરકાર દ્વારા ખેડૂતોની હમદર્દી જીતવા માટે સર્વે પણ કરાવવામાં આવેલ પરંતુ આજ દિન સુધી હજી તેની કોઈ ફોર્મ પ્રક્રિયા કે કોઈ જાહેરાત કરવામાં આવેલ નથી. તો તાત્કાલિક ધોરણે સહાય રાહત પેકેજ જાહેર કરી જે ખેડૂતોને નુકસાન થયેલ છે તેવા ખેડૂતોની ફોર્મ ભરવાની પ્રક્રિયા તાત્કાલિક ધોરણે હાથ ધરવામાં આવે તેવી માંગણી કરવામાં આવેલ. (૫) ચાલુ વર્ષે ખેડૂતોને ડુંગળીમાં પૂરતા ભાવ મળેલા નથી જેની સરકાર દ્વારા સહાય સબસીડીની જાહેરાત કરવામાં આવેલ અને જેમને ભાવ નથી મળ્યા એવા ખેડૂતોના ફોર્મ પણ ભરાઈ ગયા છે પરંતુ આજ દિન સુધી સહાય, સબસીડી ખેડૂતના ખાતામાં જમા કરવામાં આવી નથી. તો તાત્કાલિક ધોરણે દિવસ પાંચની અંદર સરકાર દ્વારા જાહેર કરેલ સહાય, સબસીડીની રકમ ખેડૂતોના ખાતામાં જમા કરવામાં આવે તેવી માંગણી કરવામાં આવેલ. (૬) છેલ્લા દોઢ વર્ષમાં ખાતરનાં ભાવમાં વધારો થયેલ છે. આ સતત ભાવ વધારાનાં કારણે ખેડૂતોની સ્થિતિ દયનીય બનવા પામેલ છે. ખેડુતોના પાકોને અતિવરસાદનાં કારણે નુકસાન થઈ રહ્યું છે અને તેમને પુરતા પ્રમાણમાં સહાય મળતી નથી પરંતુ પડયા પર પાટું સરકાર દ્વારા મારવામાં આવી રહ્યું છે, ૧૨૩૨માંથી ૧૪૮૦ કરેલ અને ૧૪૮૦ માંથી સીધા ૧૭૨૦ અને હાલમાં ૧૭૨૦ માંથી ૧૮૫૦ કરવામાં આવ્યા છે જે ખેડૂતોને નુકસાનકારક છે. જેથી આ ભાવ વધારો પાછો ખેંચવામાં આવે તેવી માંગણી કરવામાં આવેલ. (૭) ખેડૂતોને વીજળી આપવાની વાત કરવામાં આવે છે પરંતુ ખેડૂતોને તેમના ખેતીવાડી ફિડરોમાં પુરતા સમયની વીજળી મળતી નથી જેથી ખેડૂતોને ખેતી કરવામાં મુશ્કેલીઓ પડી રહી છે જેથી ખેડુતોને ખેતીવાડી ફીડરોમાં ૧૨ કલાક વીજળી આપવામાં તેવી માંગણી કરવામાં આવેલ. (૮) ૨૦૨૫–૨૬ વર્ષમાં થયેલ ભારે વરસાદથી સાવરકુંડલા તાલુકાના ગામડા વિસ્તારમાં ખેડૂતોને તેમના ખેતરો ધોવાણ થવાથી ખુબજ મોટું નુકસાન થયેલ છે તેમનો સર્વ પણ થયેલ છે તે સર્વે મુજબ ખેડૂતોને થયેલ નુકસાની સામે તેમનું વળતર સત્વરે ચૂકવામાં આવે તેવી માંગણી કરવામાં આવેલ.

આમ ખેડૂતોનાં ઉપરોકત પ્રાણ પ્રશ્નોથી મુશ્કેલીઓ વેઠી રહ્યા છે જેમની વાચા અને તેમની સંવેદનાને ગાહ્ય રાખવામાં આવે અને આવેદનપત્રમાં પાઠવામાં આવેલ આ તમામ મુદ્દાનું સત્વરે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી માંગણી છે. આ તમામ માંગણીઓને દિન–૧૫ માં ઉકેલવામાં નહિ આવે તો આગામી દિવસોમાં ઉગ્ર આંદોલન અને ગાંધી ચિંધ્યા માર્ગે ધરણા કરવાની ફરજ પડશે તેવી અંતમાં ચિમકી ઉચારેલ છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૫૭૦ | ૧૬૨૨ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૪૫૦ | ૧૫૫૦ |
| ૩ | મગફળી | ૯૯૦ | ૧૧૦૦ |
| ૪ | જીરૂ | ૨૯૧૦ | ૩૫૫૦ |
| ૫ | તલ સફેદ | ૧૪૧૦ | ૧૯૦૦ |
| ૬ | તલ કાળા | ૨૬૮૦ | ૩૭૫૦ |
| ૭ | ઘઉં | ૪૬૫ | ૫૨૫ |
| ૮ | ચણા | ૧૦૧૫ | ૧૧૫૫ |

પાના ૮ ઉપરનું ચાલું **3 વ્યકિતઓનાં મોત થયા**

આવતાં તેમનું ઘટના સ્થળે જ દુઃખદ અવસાન થયું.

જાફરાબાદનાં અજીતભાઈ વાળાએ અજાણ્યા કારણોસર પોતાના વાડીએ ઝેરી દવા પીધી હતી. સારવાર પહેલા જ તેનું મૃત્યુ થયું. સમગ્ર ઘટનાની તપાસ સ્થાનિક તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે.

રાજુલા તાલુકાનું મોરંગી ગામ બાઉદીનભાઈ કરીમભાઈ મકવાણા (ઉ.વ. ૪૨), જેમની પત્ની છેલ્લા ચાર મહિનાથી પિયરમાં રહી હતી. આ બાબતે માનસિક તણાવ હેઠળ હતા. કંટાળી જતા તેમણે ઝેરી દવા પી લીધી બાદમાં લીમડાના વૃક્ષ સાથે દોરી બાંધી ગળાફાંસો ખાઈ પોતાનું જીવન ટૂંકાવ્યું.


## જાહેર નોટિસ

ગુજરાત રાજયના અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના મોજે ઉંટવડ, અમો હીતેશ એમ. મીઠાપરા, (એડવોકેટ એન્ડ ભારત સરકાર નોટરી) આથી આ જાહેર નોટિસ આપી જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,

| ગામનું નામ | ખાતા નંબર | રેવન્યુ સર્વે નંબર | જુનો સ.નં. | હે.આરે.ચો.મી. | આકાર રૂા. | ખાતેદારનું નામ |
|---|---|---|---|---|---|---|
| ઉંટવડ | ૨૨૮ | ૧૩૩૧ | ૩૯૪ પૈકી ૯ | ૨–૦૨–૩૪ | ૧૬.૨૫ | રવજીભાઈ પ્રેમજીભાઈ બારૈયા |
| ઉંટવડ | ૨૨૮ | ૭૨ | ૩૯૪ પૈકી ૯ | ૦–૯૭–૭૦ | ૭.૮૪ | સવજીભાઈ પ્રેમજીભાઈ બારૈયા<br>મુકેશભાઈ પ્રેમજીભાઈ બારૈયા<br>ભરતભાઈ પ્રેમજીભાઈ બારૈયા<br>લીલાબેન હિંમતભાઈ બારૈયા<br>ગોપાલભાઈ હિંમતભાઈ બારૈયા |

**ઉપરોકત કોલમ વાળી ખેતીની જમીન અલગ–અલગ સંયુકત અને સંયુકત નામે** આવેલ છે, આ ખેતીની જમીન તેમની સંપુર્ણ માલીકીની, બિન બોજાની, બીન તકરારી તથા ન દાવા વાળી હોવાનું જણાવી અમારા અસીલશ્રીએ વેચાણ રાખવાનું નકકી કરેલ છે.

તો ઉપરોકત જમીન કે તેના કોઈપણ ભાગ, ઉપર કોઈપણ નાણાકીય સંસ્થા, બેંક, કંપની, પેઢી કે સંસ્થા કે કોઈ પણ શખ્સનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, સબંધ, લાગભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો લીયન, ચાર્જ હોય કે અન્ય હકક જેમ કે ઉપજ–નીપજ, /ખેતી/ગણોત, લીઝ લાયસન્સ/કબજો ભોગવટો/બાનાખત કે રહેણાંકનાં કે વારસાઈ કે અન્ય કોઈપણ પ્રકારનાં હક્ક પોસાતા હોય તો જે તે સબંધકર્તા એ વાંધો–તકરારની જાણ આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન–૦૩ (ત્રણ)માં દસ્તાવેજ પુરાવા સહિત લેખિતમાં રજીસ્ટર્ડ પોસ્ટથી નીચેનાં સરનામે અચુક જાણ કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદર જમીન કે તેના કોઈ ભાગ પરત્વે અન્ય કોઈનાં કોઈ જ હક્ક, હિત, હિસ્સો, સબંધ, લાગ–ભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો લીયન, ચાર્જ નથી તેમ માનવામાં આવશે અને હોય તો તે તમામ રાજીખુશીથી જતો યાને (વેઈવ) કરેલ છે તેમ સમજી અને અમારા અસીલ રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજ કરાવી લેશે ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની દાદ, ફરીયાદ કે વિવાદ ચાલશે નહી.

તારીખ :– ૦૬/૦૮/૨૦૨૫
બાબરા મામલતદાર ઓફીસ સામે,
મર્કેનટાઈલ બેંક નીચે મુ. બાબરા.
જિ. અમરેલી, મો. ૯૯૨૫૦ ૧૬૦૨૮

તે અમારા અસીલશ્રીની સુચના અનુસાર
હિતેષભાઈ એમ. મીઠાપરા
(એડવોકેટ & નોટરી)


## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ઘઉં લોકવન | ૪૧૫ | ૫૩૬ |
| ૨ | ઘઉં ટુકડા | ૫૧૮ | ૫૨૨ |
| ૩ | બાજરો | ૩૯૦ | ૩૯૦ |
| ૪ | તલ કાળા | ૨૦૦૦ | ૩૨૬૦ |
| ૫ | સોયાબીન | ૮૮૨ | ૯૦૧ |
| ૬ | જીરૂ | ૨૫૨૫ | ૨૫૨૫ |
| ૭ | શીંગદાણા | ૧૨૮૦ | ૧૨૮૦ |
| ૮ | ધાણા | ૧૨૪૦ | ૧૨૪૦ |
| ૯ | મેથી | ૭૩૦ | ૭૩૦ |
| ૧૦ | તુવેર | ૯૦૦ | ૧૦૪૦ |
| ૧૧ | મગફળી | ૭૭૦ | ૭૭૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૩૬ | ૯૯૩ |
| ૨ | તલ સફેદ | ૧૫૪૧ | ૧૭૮૦ |
| ૩ | તલ કાળા | ૩૨૦૧ | ૩૯૦૧ |
| ૪ | તલ પીળા | ૧૮૮૫ | ૧૮૮૫ |
| ૫ | બાજરો | ૩૫૦ | ૫૨૦ |
| ૬ | ઘઉં ટુકડા | ૫૦૬ | ૫૭૫ |
| ૭ | ચણા | ૧૦૦૦ | ૧૧૬૧ |
| ૮ | સોયાબીન | ૮૫૦ | ૮૭૦ |
| ૯ | શીંગદાણા | ૧૩૫૦ | ૧૪૩૦ |

# હાશકારો : લીલીયામોટાનાં અંટાળીયા ગામે ઉત્સાહભેર હાઈસ્કુલનો થયો પ્રાંરભ






લીલીયા તાલુકાના અંટાળીયા ગામે ગુજરાત સરકાર તરફથી હાઈસ્કૂલની મંજુરી મળી હતી. તા.૦૫/૦૮/૨૫ ના રોજ શુભ પ્રારંભ કરવામાં આવ્યો છે. શ્રાવણ માસના દિવસ દરમિયાન અંટાળીયા પ્રાથમિક શાળાના રૂમમાં હંગામી ધોરણે પ્રવેશ પ્રક્રિયા પ્રારંભ કરાઈ હાલ ધોરણ ૯ ના વિધાર્થી માટે અભ્યાસ શરૂ કરી દીધી છે. આગામી દિવસોમાં આજુબાજુના ગામો જાત્રોડા, સાજણટીંબા, કૃષ્ણગઢ, લુવારિયા વિગેરે ગામોના વિધાર્થીઓને ઉચ્ચતર માધ્યમિક વિદ્યા અભ્યાસનો લાભ મેળશે હાઈસ્કૂલની મંજુરી મળતા આગેવાનો ખુશી વ્યક્ત કરી હતી. નિર્મળભાઈ ખુમાણ સૌરાષ્ટ્ર પ્રાંત સંગઠન મહામંત્રી આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ અને અંટાળીયા ગામ સરપંચ દાનાભાઈ હેલૈયા, ઉપસરપંચ પ્રવિણભાઈ ખુમાણ, હાઈસ્કૂલ પ્રિન્સિપાલ હરેશભાઈ ગોરચાલીયા, અંટાળીયા પ્રાથમિક શાળાના આચાર્ય ધીરૂભાઈ ઠુંમર, અશ્વિનભાઈ આકજા તેમજ શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

# દામનગરના આંસોદર ખાતે સંસ્કૃત સપ્તાહ મહોત્સવની ઉજવણી






અહેવાલ : નટુ ભાતિયા – દામનગર

આજ રોજ તા.૦૬/૦૮/૨૦૨૫ થી તા.૦૮/૦૮/૨૦૨૫ સુધી આંસોદર પ્રાથમિક શાળામાં સંસ્કૃત સપ્તાહ મહોત્સવ ઉજવણીનું આયોજન હાથ ધરેલ. જેમાં તા.૦૬/૦૮/૨૦૨૫ ના રોજ આગવા આયોજન મુજબ સંસ્કૃતમાં પ્રાર્થના, ધૂન, ગીત, સુવિચાર, સમાચાર, વાર્તા, બાળકોએ રજુ કરેલ. આંગણવાડી કાર્યકર, શાળા વિકાસ સમિતિ, અને આગેવાનો સાથે ગામમાં નિર્ધારિત કરેલ સ્થળોએ સંસ્કૃત ગૌરવ યાત્રાનું પ્રસ્થાન કરેલ. સંસ્કૃત ભાષાનું મહત્વ, ભાષાઓની જનની, દેવભાષા વિગેરે બાબતે આચાર્ય સુરેશભાઈએ સમજ આપેલ. ત્રણ દિવસનાં કાર્યક્રમની ઝાંખી પ્રસ્તુત કરેલ. બાળકોએ પણ આ કાર્યક્રમને હર્ષભેર માણ્યો અને સઘળી જવાબદારી સ્વીકારેલ. આ તકે આચાર્ય અને શાળા પરિવારે કાર્યક્રમને સફળ બનાવવા ભાગીદારી નોંધાવી પધારેલ સૌ કોઈને શુભેચ્છાઓ પાઠવી હતી.

### અંટાળીયા મહાદેવનાં દર્શન કરતા વિદ્યાર્થીઓ

## અમરેલીનાં શ્રીજી વિદ્યાર્થી ભુવનનાં વિદ્યાર્થીઓનો ધાર્મિક પ્રવાસ યોજાયો

### મંદિરનાં બગીચામાં બાળકો ખુશીથી ઝુમી ઉઠયા




અમરેલી, તા. ૬

અમરેલી શ્રીજી વિદ્યાર્થી ભુવન સરસ્વતી વિદ્યાલય ખાતે શનિવારના રોજ ધોરણ ૪ થી ૧૨ના વિદ્યાર્થીઓને અંટાળીયા મહાદેવ મંદિરે પ્રવાસ કરાવવામાં આવ્યો, જેમાં સવારે ૮:૩૦ શાળાએથી નીકળીને અંટાળ્યા મહાદેવ મંદિરે દર્શન કરાવ્યા તેમજ બાળકોને ત્યાંના બગીચામાં વિવિધ રમતો રમાડી અને ત્યારબાદ ત્યાંજ ભોજનની વ્યવસ્થા પણ કરવામાં આવી, આટલા સરસ આયોજન બદલ વિદ્યાર્થીઓ ખૂબ ખુશ થઈ ગયા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં શાળાના સંચાલક દીપકભાઈ વઘાસિયા તેમજ વિલાસબેન વઘાસિયા તેમજ વ્યવસ્થાપક ઉત્તમભાઈ તેમજ મયંકભાઈ કોટડીયા તેમજ તમામ શિક્ષકઓનો ખુબ ખુબ આભાર.

### એપીએમ ટર્મિનલ્સ પીપાવાવે

## પીપાવાવ પોર્ટ ખાતે એડવાન્સ નવા લિક્વિડ જેટી પ્રોજેક્ટના મોટા કોન્ટ્રાકટસ સાઇન કર્યા



અમરેલી, તા. ૬

ગાંધીનગર, ગુજરા, ૬ ઓગસ્ટ, ૨૦૨૫–વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૪ ખાતે કરેલી તેની પ્રતિબદ્ધતા પૂરી કરવા તરફના મજબૂત પગલાંમાં એપીએમ ટર્મિનલ્સ પીપાવાવે સમર્પિત લિક્વિડ કાર્ગો જેટી (બર્થ ૬) ના બાંધકામને વેગ આપવા માટે બે મહત્વપૂર્ણ કોન્ટ્રાક્ટ્સ સાઇન કર્યા છે અને દેશની મેરિટાઇમ વૃદ્ધિ વાર્તામાં તેની ભૂમિકા મજબૂત બનાવી છે.

એપીએમ ટર્મિનલ્સ પીપાવાવે નવી લિક્વિડ જેટી અને સંબંધિત મેરિટાઇમ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના નિર્માણ માટે એલએન્ડટી જિઓસ્ટ્રક્ચર પ્રાઈવેટ લિમિટેડ સાથે કરાર પર હસ્તાક્ષર કર્યા છે. તેની સમાંતર વેન ઓર્ડ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ પ્રોજેક્ટના અમલીકરણ માટે જરૂરી કેપિટલ ડ્રેજિંગ અને રિક્લેમેશન કાર્યો માટે સાંકળવામાં આવી છે.

કરાર પર હસ્તાક્ષર કરવાનો કાર્યક્રમ ગાંધીનગરના ગિફ્ટ સિટી ખાતે ગુજરાત મેરીટાઇમ બોર્ડના વાઇસ ચેરમેન અને સીઈઓ રાજકુમાર બેનીવાલ, આઈએએસની હાજરીમાં યોજાયો હતો, જેમાં પોર્ટ–આધારિત વિકાસ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિસ્તરણ માટે રાજયના સતત સમર્થન પર ભાર મૂકવામાં આવ્યો હતો. આ પ્રસંગે એપીએમ ટર્મિનલ્સ પીપાવાવના મેનેજિંગ ડિરેક્ટર ગિરીશ અગ્રવાલે જણાવ્યું હતું કે, એપીએમ ટર્મિનલ્સ પીપાવાવ ગુજરાત, તેના લોકો અને તેની પ્રગતિ પ્રત્યે પ્રતિબદ્ધ છે. આ વ્યૂહાત્મક કરારો પર હસ્તાક્ષર એ રોકાણને અસરમાં પરિવર્તિત કરવાના અમારા ઈરાદાનું પ્રતિબિંબ પાડે છે. ગુજરાત મેરીટાઇમ બોર્ડના સતત સમર્થન સાથે, અમે એવા ઈન્ફ્રાસ્ટ્રક્ચરને આગળ વધારી રહ્યા છીએ જે ન કેવળ રાજયની મેરિટાઇમ ક્ષમતાઓને મજબૂત બનાવે છે પરંતુ વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટમાં અમે જે વિઝન રજૂ કર્યું હતું તેને પણ પૂર્ણ કરે છે.

આગામી લિક્વિડ જેટ્ટીથી વૈવિધ્યસભર કાર્ગોને હેન્ડલ કરવામાં પોર્ટની ક્ષમતાઓમાં નોંધપાત્ર વધારો થવાની અપેક્ષા છે. આ ઉપરાંત સેવામાં વિસનીયતા અને ભવિષ્ય માટેની કામગીરીમાં પણ સુધારો થશે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉપરાંત, આ પ્રોજેક્ટ રોજગારીનું સર્જન કરવા, ઔદ્યોગિક રોકાણો આકર્ષવા અને પીપાવાવ પોર્ટ કોરિડોરની આસપાસ પ્રાદેશિક વિકાસને ઉત્પ્રેરિત કરવા માટે તૈયાર છે.

## સાવરકુંડલા : પૂર્વ પ્રાધ્યાપક ડો.બી.ડી. વરૂ દ્વારા કાણકીયા કોલેજને સંગીતના સાધનો ભેટ



સાવરકુંડલા, તા. ૬

વી.ડી. કાણકીયા આર્ટ્સ અને એમ.આર. સંઘવી કોમર્સ કોલેજના પ્રા.ડો.બી.ડી. વરૂ કોલેજમાં આર્થશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે કાર્યરત હતા. અર્થશાસ્ત્ર વિષયના તજજ્ઞ તથા બેંકીગ વિષયના હેડ તરીકે તેમણે વર્ષો સુધી શિક્ષણની સેવા આપી. તેઓ એક ઉતમ પ્રકારના ભજનીક તથા સંગીત મર્મજ્ઞ છે. સામાન્ય લોક ડાયરાથી લઈ આકાશવાણી સુધી તેમણે પોતાની આ કલા અનેક શ્રોતાઓ સુધી પહોંચાડી છે. કોલેજના કાર્યકાળ દરમિયાન પણ તેમની વાણીનો લાભ અનેક પ્રસંગોએ મહેમાનો તથા વિદ્યાર્થીઓને મળેલ.

પોતાની નિવૃત બાદ પણ કોલેજ સાથે સ્નેહથી જોડાયેલા પ્રો.ડો.બી.ડી. વરૂ ધ્વારા કોલેજને હાર્મોનિયમ, તબલા, ઢોલ, ખંજરી, તમામ સંગીતના સાધનો આજરોજ કોલેજના પ્રિન્સિપાલ ડો.એસ.સી. રવિયાને ભેટ સ્વરૂપે સુપ્રત કરેલ. આ તકે પ્રિ.ડો. રવિયા ભેટ સ્વીકારી કહેલ કે સંગીત સાધનના આ તમામ વાજિંત્રો કોલેજને કાયમી ઉપયોગી બનશે અને સંસ્થા તેમની સેવાને હંમેશા યાદ રાખશે. આ તકે કોલેજના પ્રમુખ ચંદ્રિકાબેન ઘેલાણી, કામદાર, ઉપપ્રમુખ કનુભાઈ ગેડિયા, મેનેજિંગ ટ્રસ્ટી મુકુંદભાઈ નાગ્રેચા સહિતના ટ્રસ્ટી મંડળે પણ પ્રો.ડો.બી.ડી. વરૂનો આભાર વ્યકત કરેલ.

## અમરેલીનાં રીકડીયા ગામે દવા છટકાવની કામગીરી કરાઈ



અમરેલી, તા. ૬

મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો. જોષી, જીલ્લા મેલેરીયા અધિકારી ડો. એ.કે સીંગ અને તાલુકા આરોગ્ય અધિકારી ડો. આર.કે જાટ્ટની સૂચના અનુસાર તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મોટા આંકડીયાના ડો. મીત મોદી અને ડો. કિર્તી મેડમના સીધા માર્ગદર્શન હેઠળ રીકડીયા ગામ ખાતે જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવેલ તથા દરેક ઘરમાં પોરાનાશક કામગીરી અને ડીસ્કારડેડ કન્ટેઈનરની કામગીરી કરવામાં આવેલ અને રીકડીયા ગામના લોકોને વાહકજન્ય રોગો જેવાં કે મેલેરીયા, ડેન્ગ્યુ અને ચિકનગુનિયા વિશે આરોગ્ય શિક્ષણ આપવામાં આવેલ. આ કામગીરીમા ખાસ રીકડીયા ગામના સરપંચ નરેન્દ્રભાઈ વાળા અને મોટા આંકડીયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના સુપરવાઈઝર આર.એમ. ડાભી ઉપસ્થિત રહેલ. આ કામગીરીને સફળ બનાવવા માટે રીકડીયા ગામના સ્થાનિક આરોગ્ય કર્મચારી જે.પી. ખોરાસીયાએ જહેમત ઉઠાવેલ.

### મહિલા પોલીસ સ્ટેશન દ્વારા

## અમરેલી જિલ્લાની શાળાઓમાં સારા અને ખરાબ સ્પર્શ વિશે સમજ અપાઈ

### ૧૦૦, ૧૮૧, ૧૦૯૮ હેલ્પલાઈન અંગે સમજ અપાઈ




અમરેલી, તા. ૬

અમરેલી મહીલા પોલીસ સ્ટેશન દ્વારા અમરેલી જીલ્લાની શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોને સારા અને ખરાબ સ્પર્શ (ગુડ ટચ બેડ ટચ) વિશે સમજ આપવા અંગેનો વિદ્યાથીઓમાં જાગૃતિ લાવવા કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું.

આજના સમયમાં વિદ્યાર્થીઓમાં જાતીય સતામણી જેવા બનતા બનાવો અંગે અમરેલી જીલ્લા અંતર્ગત જિલ્લામાં બાળકો સાથે બનતા અપરાધોને બનતા પહેલા જ અટકાવવા તેમજ શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં વાલીઓ, બાળકો અને લોકોમાં બાળકો સાથે થતા જાતિય શોષણ બાબતે જાગૃતતા લાવવા તથા બાળકો સાથે થતા સારા અને ખરાબ સ્પર્શની સમજ કેળવવા માટે થઈ ગુડ ટચ બેડ ટચનું અમરેલી જીલ્લા પોલીસ દ્વારા ''સ્પર્શ એક સમજ'' થીમ અંતર્ગત વિદ્યાર્થીઓમાં જાગૃતતા લાવવા માટે દિપક સ્કુલ (રૂપાયતન શાળા) ચિતલ રોડ, અમરેલી ખાતે અમરેલી મહિલા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પે. જે.આર. સરવૈયા તથા સ્ટાફ દ્વારા કાર્યક્રમનુ આયોજન કરી વિદ્યાર્થીનીઓને તેમજ શિક્ષકોને ''સ્પર્શ એક સમજ'' (ગુડ ટચ બેડ ટચ)થી માહીતગાર કરેલ તેમજ ૧૦૦, ૧૮૧, ૧૦૯૮ હેલ્પલાઈન નંબર વિશે બાળકોને માહિતગાર કરેલ હતા.


## શ્રી સાવરકુંડલા તાલુકા સહકારી ખરીદ – વેચાણ સંઘ લી.

'સહકાર ભવન', જુના બસ સ્ટેન્ડ પાસે, સ્ટેશન રોડ, મું. તા. સાવરકુંડલા, જિ.અમરેલી ફોન નં. (૦૨૮૪૫) ૨૪૨૯૯૪

### સંસ્થાની બિલ્ડીંગ વેચાણથી આપવાની છે (ચોથો પ્રયત્ન)

શ્રી સાવરકુંડલા તાલુકા સહકારી ખરીદ – વેચાણ સંઘ લી. ની માલીકીની ડીસ્ટ્રીકટ અમરેલીના મોજે, સાવરકુંડલાના ભરવાડ શેરીના વોર્ડ નં.૨ સીટી સ.નં.૫૫૬૬ થી ૫૫૭૦ ના પ્લોટ પૈ. ૬૧૨.૯૬ ચો.મી. જમીનમાં આવેલ બાંધકામ, સાથેની મોટા ગોડાઉન, ઓફિસો, દુકાનો સાથે બે માળનું બિલ્ડીંગ, પાછળ ખૂલ્લા પ્લોટવાળુ 'સહકાર ભવન' જૂના બસસ્ટેન્ડ, સાવરકુંડલા સ્થિત મિલ્કત વેચાણથી આપવાની છે. તો રસ ધરાવતી પાર્ટીઓએ કામ કાજના દિવસો દરમ્યાન ઉપરોકત સરનામેથી રૂ.૧૦૦૦/– (નોન રીફંડેબલ) **ભરી ટેન્ડર ફોર્મ તા.૧૨/૦૮/૨૦૨૫ સુધીમાં લઈ જવા તથા ભરેલ ટેન્ડર ફોર્મ તા.૧૩/૦૮/૨૦૨૫ સુધીમાં સીલબંધ કવરમાં રૂબરૂ સ્થળ પર આપી જવાના** રહેશે.

આવેલ બધી જ ઓફરો **તા.૧૪/૦૮/૨૦૨૫** ના રોજ સવારના ૧૧:૦૦ કલાકે ખોલવામાં આવશે. જેમાં ઓફર કરનારે બીન ચુક હાજર રહેવુ.

**(આ મિલ્કત ચાલુ દિવસ દરમ્યાન સવારના ૯ :૦૦ થી સાંજના ૫ : ૦૦ સુધીમાં જોવા મળશે)**

**નોંધ :– કોઈપણ અથવા આવેલ બધી ઓફરો રદ કરવાની સત્તા સાવરકુંડલા તાલુકા સહકારી ખરીદ – વેચાણ સંઘ લી. ને અબાધિત રહેશે.**

લી. બોર્ડ ઓફ ડાયરેકટર્સની સૂચનાથી

રાજેશ એમ. માલાણી – મેનેજર

સાવરકુંડલા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી.


# અમરેલી ખાતે ''સેવા સંઘ'' દ્વારા ઉત્સાહભેર વડીલ વંદના કાર્યક્રમ યોજાયો







અમરેલી ખાતે શ્રી ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજ અમરેલી સંચાલિત સેવા સંઘ દ્વારા સિનિયર સિટીજન માટે એક વડીલ વંદના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલું, જેમાં સમાજના લગભગ ૭૦૦ વડીલોએ આ કાર્યક્રમનો લાભ લીધેલો, આ કાર્યક્રમમાં વડીલોને એવું મનોરંજન કરાવ્યું હતું કે જેમાં એમને પોતાનું યુવાન અવસ્થા યાદ આવી જાય અને સાથે જુના ગીતો મનોરંજન અને રાસ ગરબા રમાડી ખૂબ જ આનંદિત થયેલા, આ કાર્યક્રમને સફળ બનાવવા સેવા સંઘ પ્રમુખ સુરેશભાઈ સોલંકી અને સેવા સંઘની ઓલ ટીમ સાથે આ કાર્યક્રમમાં સહ સ્પોનસર એવા સંજયભાઈ પંડયા એમનું ગ્રુપ જેમાં શશીકાંત ભટ્ટ જેવોની ઉંમર ૮૦ વર્ષ અને અમેરિકા બેઝમેન સિંગર અને Youtube ટ્રાયલ સોમાણી જુનાગઢ તેમજ કલ્પનાબેન જોશી પોરબંદર અને બેલીમ જુનાગઢ આ તમામ સિંગરો દ્વારા સમાજના દરેક વડીલોને ખૂબ જ આનંદ કરાવેલો, આ કાર્યક્રમમાં સમાજના ગામોગામથી પધારેલા પ્રમુખઓ અને ટ્રસ્ટીઓ અને સમાજના દરેક મંડળના ટ્રસ્ટીઓ તેમજ સમાજ ટ્રસ્ટી મંડળ, મહિલા મંડળ ઉપસ્થિત રહ્યા હતા, આ કાર્યક્રમમાં દીપ પ્રાગટ્ય નાગદેવતા મંદિર મહંત હાર્દિક ગીરીબાપુ, સંજોગ ન્યુઝ તંત્રી સુરેશભાઈ દેસાઈ, સેવા સંઘ પ્રમુખ સુરેશભાઈ સોલંકી સમાજ, મંત્રી સી.કે. ટાક, ટ્રસ્ટી જેન્તીભાઈ મનાણી, મનુભાઈ ટાંક, રમણીકભાઈ મારૂ તેમજ મહિલા મંડળના તમામ બહેનો ઉપસ્થિત રહ્યા હતા, આ કાર્યક્રમને સફળ બનાવવા પ્રમુખ સુરેશભાઈ સોલંકી, ઉપપ્રમુખ કિશોરભાઈ આજુગિયા, બાબુભાઈ પોરીયા, ચેતનભાઈ ચૌહાણ, ગોપાલભાઈ વનરા, અલ્પેશભાઈ આજુગિયા, જયેશભાઈ જેઠવા, મુકેશભાઈ ચૌહાણ, પ્રદીપભાઈ મારૂ, ધર્મેન્દ્રભાઈ કાચા, સુરેશભાઈ ચાવડા, કિશોરભાઈ મારૂ, પંકજભાઈ મારૂ, સાગરભાઈ ગેડિયા, અભય ગેડિયા તેમજ મુકેશભાઈ મંડોરા, રમેશભાઈ આજુગિયા અને સેવા સંઘની ટીમના દરેક સભ્યોએ ખૂબ જહેમત ઉઠાવી આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો તેમજ નિલેશભાઈ સોલંકીની ગુજરાત CID ક્રાઈમ જિલ્લા ટીમમાં CID દ્વારા નિમણૂક થવા બદલ તેમનું પણ સન્માન કરેલ હતું, આ કાર્યક્રમનો હેતુ ફકત સમાજના વડીલોને આનંદ કરાવવો આાસન આપવું અને જરૂર પડે ત્યારે વડીલોની સાથે પોતાના સંતાન બની સેવા સંઘની ટીમ સાથે રહે અને જે કાંઈ જરૂરિયાત હોય તે પુત્ર બનીને તેમની પડખે રહે એવું સેવા સંઘ પ્રમુખ સુરેશભાઈ સોલંકી અને સેવા સંઘ ઉપપ્રમુખ કિશોરભાઈએ આજના દિવસે વડીલોને વચન આપેલું અને સેવા સંઘ દ્વારા વર્ષ દરમિયાન આવી ઘણી બધી સેવા કાર્યો થઈ રહ્યા છે, તે તમામ કાર્યક્રમો કરવા માટે સેવા સંઘની ઓલ ટીમ ખૂબ જ દિલથી કામ કરી રહી છે, અને આ બધા કાર્યક્રમમાં સમાજ અને સમાજના દરેક મંડળો પણ ખૂબ જ સહકાર આપેલો છે, તેમનો પણ સેવા સંઘ વતી આભાર માનવામાં આવેલો અને આ કાર્યક્રમનું સંચાલન ઉપપ્રમુખ કિશોરભાઈએ સરસ રીતે કરેલું તેમ પ્રમુખ સુરેશભાઈ સોલંકી દ્વારા જણાવેલ છે.

## કૃષિ પ્રધાન દેશનાં કૃષિ પ્રધાન અમરેલી જિલ્લામાં ખેડૂતો અને ખેતી પાયમાલ

# સાવરકુંડલામાં ખાતર, વીજળી સહિતનાં પ્રશ્ને કોંગ્રેસનું હલ્લાબોલ

**સમગ્ર જગતનું પેટ ભરતા ખેડૂતોને ખેતી કરવામાં અનેક પરેશાનીનો કરવો પડે છે સામનો**

**ખેડૂતનું હિત કરવાનાં નામે નેતાઓ બનનાર કરોડો રૂપિયામાં આળોટતા જોવા મળી રહ્યા છે**

**કોંગ્રેસ પક્ષનાં નેતા પરેશ ધાનાણી અને પ્રતાપ દુધાતની આગેવાનીમાં મોટી સંખ્યામાં ખેડૂતો એકત્ર થયા**

**રેલી સ્વરૂપે સ્થાનિક અધિકારી મારફત મુખ્યમંત્રીને વેદના પત્ર પાઠવવામાં આવ્યો**



સાવરકુંડલા, તા. ૬

ગુજરાતમાંછેલ્લા ૩૦વર્ષથી સાશન કરતી ગુજરાત સરકાર દ્વારા ખેડૂતોનાં પ્રશ્ને જાહેરાત, ઠરાવો બહાર પાડવામાં આવે છે, પરંતુ ત્યાર બાદ ખેડૂતોનેતેબાબતેનીકોઈસહાય,પેકેજ, ખાતર,બિયારણ,અતિવૃષ્ટિકેનહિવત વરસાદનાં કારણે ખેડૂતોને આર્થિક નુકસાનીનો સામનોકરવોપડેછે.જગત નો કહેવાતોતાતઆજેમુશ્કેલીઓમાંથી પસારથઈરહ્યોછે,ત્યારેતેમનીવેદનાને વાચા આપવા માટે અમરેલી જિલ્લા કોંગ્રેસ તથા સાવરકુંડલા તાલુકા કોંગ્રેસ દ્વારા ખેડૂતલક્ષી મુદાને આવરીને આવેદનપત્ર પાઠવવામાંઆવેલ.જેમાં પૂર્વ વિપક્ષી નેતા પરેશભાઈ ધાનાણી, પ્રતાપભાઈ દુધાત (પ્રમુખજિલ્લા કોંગ્રેસ સમિતિ) તેમજ નરેશભાઈ દેવાણી (સાવરકુંડલા તાલુકા કોંગ્રેસ સમિતિ), વિજયભાઈ ડોડીયા (પ્રમુખસાવરકુંડલા શહેર કોંગ્રેસ સમિતિ), હાર્દિકભાઈ કાનાણી, મહેશભાઈ જયાણી, દાનુભાઈ ખુમાણ, કિરીટભાઈ દવે,

**અનુસંધાન પાના ૬ ઉપર**

### ૪૩ વર્ષની વયે અંતિમવાટ પકડી

## ચાવંડ ગામનાં આધેડે માનસિક બીમારીથી કંટાળી ગળાફાંસો ખાઈ લીધો

**સ્થાનિક પોલીસે નિયમાનુસાર કાર્યવાહી કરી**

અમરેલી, તા. ૬

લાઠી તાલુકાના ચાવંડ ગામે રહેતા પ્રવિણભાઈ ધીરૂભાઈ રેવર નામના ૪૩ વર્ષિય આધેડ છેલ્લા બે એક માસથી માનસિક બીમાર રહેતા હોય અને તે બીમારીની દવા પણ શરૂ હોય. જેથી આ બીમારીથી કંટાળીજઈ ગતતા. ૪નારોજસાંજના આશરે સાડા છ એક વાગ્યાની આસપાસ ચાવંડ ગામે પોતાના રહેણાંક મકાને રૂમમાં બીમના હુંક સાથે હાથ બનાવટની કાપડની દોરી વડે ગળાફાંસો ખાઈ લેતાં તેમનું મોત થયાનું પોલીસમાં જાહેર થતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

### બાળકોને ઘર બહાર નીકળવુ મુશ્કેલ બન્યુ

## સાવરકુંડલાનાં વીજપડીમાં ઘરની બહાર રમતાં ૨ બાળકોને અજાણ્યો ઈસમ લઈ જતાં ફરિયાદ

**સ્થાનિક પોલીસે બાળકોની શોધખોળ આદરી**

અમરેલી, તા. ૬

સાવરકુંડલા તાલુકાના વીજપડી, આહીરસમાજનીવાડીસામે, ઓનઅલી યુનુસભાઈ રૂપાણીના મકાનમા ભાડેથી રહેતા મજીદભાઈ યુનુસભાઈ સમા નામના ૩૦ વર્ષિય શ્રમિક યુવકના બે સગીરવયના બાળ કિશોર ગત તા. ૪ રોજ ૬ થી ૬:૪૦ના વાગ્યાના સમયગાળા દરમ્યાન ઘરની બહાર શેરીમાં રમતા હતા. તેઓને કોઈ અજાણ્યો ઈસમ લલચાવી ફોસલાવી કોઈપણ પ્રકારની લાલચ આપી કોઈ અજાણ્યા આરોપીઆ બંન્નેસગીરવયના બાળકો હોવાનુ જાણવા છતાં શ્રમિકના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધતા પોલીસ આ બંને સગીરવયના બાળકોની શોધખોળ આદરી છે.


Sheetal ICE CREAM

**જોઈએ છે**

**ડ્રાઈવર**
(હેવી લાઈસન્સ હોવુ જરૂરી)

અનુભવી અને ઈમાનદાર વ્યક્તિ એ
નીચે મુજબના સરનામે ઓરીજનલ
હેવી લાઈસન્સ અને આધાર કાર્ડ સાથે માત્ર રૂબરૂ મળવું.

રૂબરૂ મળવાનો સમય : સવારે 9 થી 11
સંપર્ક : જીતેન્દ્રભાઈ HR મેનેજર

શીતલ કુલ પ્રોડક્ટ્સ લિમિટેડ
પ્લોટ નં. 75 થી 81,GIDC એસ્ટેટ,અમરેલી- 365601.


### નાયબ દંડક કૌશિક વેકરિયાએ ૨૩.૯૦ કરોડની રકમ મંજુર કરાવી

## અરે વાહ : અમરેલી અને કુંકાવાવ પંથકનાં ગામોમાં પૂલ, માર્ગો, સંરક્ષણ દીવાલ અને નાળાનુ કામ કરાશે

**એક ડઝન કરતા પણ વધારે ગામોમાં વિકાસનો થશે ધમધમાટ**

અમરેલી, તા. ૬

અમરેલીનાધારાસભ્યઅને ગુજરાત વિધાનસભાના નાયય મુખ્ય દંડક કૌશિક વેકરિયાની વિસ્તારના કામો માટેની રાજયના મુખ્યમંત્રીને સબળરજૂઆતનેકારણેઅમરેલીઅને કુકાવાવતાલુકાનાગામડાઓનાવિવિધ પંદર જેટલા રસ્તાઓના કામો માટે રાજય સરકાર દ્વારા રૂપિયા ૨૩ કરોડ ૯૦ લાખની માતબર રકમ મંજૂર કરવામાં આવતા આગામી દિવસોમાં આ રસ્તાના વિવિધ કામો જેવા કે માઈનોર બ્રિજ, એપ્રોચ રોડ, નાળાના કામ, સ્ટ્રક્ચર અને પ્રોટેક્શન વોલના આગામી દિવસોમાં હાથ ધરવામાં



આવશે. આ કામોમાં ચક્કરગઢ એપ્રોચ રોડ, વરસડાકેરિયાનાગસરોડ, વરસડા નાના માચીયાળા રોડ, મોટા આંકડિયા પીપળગ રોડ, જાળીયા સણોસરા રોડ, ચાંપાથળથી સાવરકુંડલા સ્ટેટ હાઈવે, ફતેપુર ચાંપાથળ રોડ, વડેરા વિલેજ, રંગપુરવડેરા રોડ, કમીગઢ કેરાળા રોડ, જાળિયા એપ્રોચ રોડ, રંગપુર સણોસરા રોડ, અમરેલી ટાંકાધાર ભોજલિયા રોડ, બાંટવાદેવળીબરવાળાબાવળરોડજેવા રસ્તાના માઈનોર બ્રિજ, એપ્રોચ રોડ, નાળાના કામ, સ્ટ્રકચર અને પ્રોટેકશન વોલના કામો કરવામાં આવશે. આ સઘળા કામો થતાં વિસ્તારની પ્રજાને પરિવહનમાં ખૂબ જ રાહત મળશે અને લોકોની સુખાકારીમાં વધારો થશ.

## અમરેલી જિલ્લામાં જુદા-જુદા બનાવોમાં 3 વ્યકિતઓનાં મોત થયા

અમરેલી, તા. ૬

અમરેલી જિલ્લામાંત્રણજુદી જુદી ઘટનામાં ત્રીજ વ્યકિતના દુઃખદ અવસાનની ઘટનાઓ સામે આવી છે. થોરડી ગામના ખીમજીભાઈ સાજણભાઈ દાફડા (ઉ.વ. ૬૩) પોતાના ખેતરમાં કામ કરી રહ્યાં હતા. ત્યારે અચાનકહ્રદયરોગ (હાર્ટએટેક)

**અનુસંધાન પાના ૬ ઉપર**







હવે આપની ગોળ હોસ્પિટલ અમરેલીમાં....

ડો. રાજેન્દ્ર ત્રિવેદીનો ૩૯ વર્ષોનો ન્યુરો સ્પાઇન ક્ષેત્રે અનુભવ તથા ડો. પુનિત ત્રિવેદીના આધુનિક મેડિકલ સાયન્સનો ડબલ જનરેશન એડવાન્ટેજ



**ડૉ.પુનિત ત્રિવેદી**
MS DNB (Neurosurgery)
ફેલો ઈન એપિલેપ્સી, બ્રેઈન એન્ડોસ્કોપી એન્ડ સ્કલ બેઇઝ સર્જરી, મગજ, મણકા અને કરોડરજ્જુના નિષ્ણાંત સર્જન

- માથાની ઇજા
- બ્રેઈન હેમરેજ
- ટ્રાઈજેમીનલ ન્યુરાલ્જીયા
- પક્ષઘાત (સ્ટ્રોક)
- એપિલેપ્સીની સારવાર તથા સર્જરી
- મગજ કે કરોડરજ્જુની ગાંઠ
- પિચ્યુટરીની ગાંઠ
- માથાનો દુઃખાવો (માઇગ્રેન)
- મગજમાં પાણીનો ભરાવો (હાઇડ્રોસેફેલસ)
- મગજની નસમાં મોરલી (એન્યુરીઝમ)
- મણકા અને કરોડરજ્જુની નસની તકલીફો

**તારીખ : ૮/૮/૨૦૨૫ - શુક્રવાર**

એપોઈન્ટમેન્ટ માટે : ૯૯૭૮૯૬૬૬૨૯
સમય : સવારે ૧૦:૩૦ થી બપોરે ૧૨:૩૦ સુધી.
સ્થળ : નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલ (ગોળ હોસ્પિટલ) ચિત્તલ રોડ, અમરેલી

તપાસ ફી ૬૦૦/-

NETRA CHIKITSA TRUST
MULTISPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli
(ગોળ હોસ્પિટલ)


*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)